

સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

વર્ષ-૬ • અંક-૮ • ૧ માર્ચ , ૨૦૨૧

સરદારધામ
સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ

## એક વિચાર







## સર આઇઝેક ન્યૂટન

રંગોના વિજ્ઞાનના પાયાના શોધક



## સરદારધામ યુવા તેજ-તેજસ્વિની આયોજિત
## શક્તિ-વંદના કાર્યક્રમ, સુરત

ગુજરાતની સૌથી મોટી અર્બન કો-ઓપ. બેંક

કાલુપુર બેંક

# ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.

સ્થાપના :૧૯૭૦

મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક

# સોલર રૂફટોપ સિસ્ટમ માટે ધિરાણ

(For Captive Consumption)




**નાણાંની બચત**
**પર્યાવરણની જાળવણી**



# MSME ટેકઓવર સ્કીમ

(ગોલ્ડન જ્યુબીલી વેલકમ સ્કીમ)

- હાલ ચાલુ વ્યાજદર કરતા ૧% ઓછા વ્યાજદરે ધિરાણ
- '૦' પ્રોસેસીંગ ફી -પ્રથમ વર્ષ માટે
- ઝડપી અને સરળ ધિરાણ

વ્યાજદર : 7.50*%

@ design copper

**7378309191 (MISSED CALL) • 1800 233 99999 (TOLL FREE) • www.kalupurbank.com**

* શરતોને આધિન
* વ્યાજના દર વખતોવખતના ફેરફારને આધિન

Network 59 Branches 62 ATMs

હેડ ઓફિસ : ''કાલુપુર બેંક ભવન'', આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.

ફોન નં.: ૨૭૫૮૨૦૨૦ થી ૨૭૫૮૨૦૨૬

E-mail : info@kalupurbank.com

મિશન-૨૦૨૬ અંતર્ગત

## સરદારધામનાં 5 લક્ષ્ય બિંદુઓ

### બિલ્ડિંગ પ્રોજેક્ટ

(અંતર્ગત ૧૦૦૦૦ દીકરા-દીકરીઓ માટે પરવડે તેવાં સુવિધાયુક્ત છાત્રાલયનું નિર્માણ કરવું)

### GPSC / UPSC / Defence સિવિલ સર્વિસ સેન્ટર

### ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ (GPBS) ૨૦૧૮-૨૦-૨૨-૨૪-૨૬

### ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન (GPBO)

### યુવા તેજ / તેજસ્વિની સંગઠન

સમસ્ત પાટીદારની એકતાનું ધામ
સરદારધામ
વિશ્વ પાટીદાર સમાજ

તંત્રી
ગગજી સુતરિયા

પરામર્શક સમિતિ
એચ. એસ. પટેલ (IAS, Retd.)
સી.ઈ.ઓ., સરદારધામ
ટી.જી. ઝાલાવાડિયા
ઉપપ્રમુખ, સરદારધામ

સહતંત્રી
ડૉ. જાગૃતિ જે. પટેલ
ઉપપ્રમુખ,સરદારધામ,
કન્વીનર, દીકરી સ્વાવલંબન યોજના

સંપાદક
કૃષ્ણકાંત જે. પટેલ

જાહેર ખબર વિભાગ :
7575001428

નોંધ
આ માસિકમાં છપાતા લેખ, જાહેરાત અને માહિતી જે તે લેખક કે કંપનીના છે તેની સાથે તંત્રી કે સંસ્થા સહમત છે તેવું માનવું નહીં. સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન. ન્યાયતંત્ર અમદાવાદ

મુખ્ય કાર્યાલય
સરદારધામ
એસ. પી. રીંગ રોડ,
વૈષ્ણોદેવી સર્કલ,
અમદાવાદ-૩૮૨૪૨૧
ફોન : ૭૫૭૫૦૦૧૫૪૮/૯૬/૯૭, ૭૫૭૫૦૦૧૪૨૮/૩૮
ઇ-મેલ: info. sardardham@gmail.com
વેબસાઇટ : www.sardardham.org
ટ્રસ્ટ રજી. નં. ઈ/૨૦૯૨૪/અમદાવાદ

Printed, Published by GAGJIBHAI G. Sutariya on behalf of SARDARDHAM and Published from Near Royal Heights, S.P. Ring Road, Vaishnodevi Circle, Ahmedabad-382421
Editor-GAGJIBHAI G. Sutariya

# તંત્રીલેખ

## સમાજ સંદેશ

**મારા વ્હાલા બંધુ-ભગિનીઓ,**

૨૧મી સદીમાં આપણા સમાજ અને દેશમાં વિકાસ માટે ઘણી જવાબદારીઓ પડેલી છે. સમાજની મુખ્ય સંસ્થાઓને અમારી અપીલ છે કે માળખાકીય વ્યવસ્થાઓ ધરાવતી, સમાજમાં અલગ-અલગ સેવાકીય કાર્યો કરતી સંસ્થાઓમાં અનુદાન આપવાવાળો વર્ગ મોટા ભાગનો એકનો એક છે. આ કારણે મારી દ્રષ્ટિએ સમાજના સર્વાંગી વિકાસ માટે સામાજિક સંસ્થાઓએ પાંચ વિભાગમાં જવાબદારીઓ વહેંચી લેવી જોઈએ. (૧) વેવિશાળ મેળા, ઓછા ખર્ચે સમૂહલગ્ન, સાંસ્કૃતિક કાર્યક્રમો, બેટી બચાવો, બિનજરૂરી રૂઢિરિવાજો, ખર્ચાઓ, અંધશ્રદ્ધા અંગે લોકોમાં જાગૃત્તિ લાવવા માર્ગદર્શન પૂરૂં પાડવું. (૨) જળ બચાવો, પર્યાવરણ બચાવો, સજીવ ખેતી, પશુપાલન (૩) નાના-મોટા આરોગ્યધામોનું નિર્માણ કરવું. (૪) કે.જી. થી પી.જી. સુધીના પરવડે તેવા શૈક્ષણિક સંકુલો (અંગ્રેજી માધ્યમ તેમજ ગુજરાતી માધ્યમ)નું નિર્માણ કરવું. (૫) વેપાર, ઉદ્યોગ અને નોકરી માટે વિદ્યાર્થીઓને તાલીમ આપવા માટે પરવડે તેવા છાત્રાલયોની વ્યવસ્થા ઊભી કરવી, સાથે-સાથે વિદેશ અભ્યાસ અર્થે માર્ગદર્શન તેમજ તાલીમની વ્યવસ્થા પૂરી પાડવી.

ઉપરોક્ત પાંચ વિષયો અંતર્ગત બધી જ સામાજિક સંસ્થાઓએ હળી-મળીને આ જવાબદારીઓ વહેંચી લઈને સમાજના ઉત્કર્ષ માટે આયોજનપૂર્વક પ્રયત્નો કરવાથી સમાજના દાનનો મહત્તમ ઉપયોગ થશે. સાથો-સાથ સમાજના છેવાડાના પરિવારને તેનો લાભ મળશે.

સમાજે ૧૦ વર્ષ સુધી યુવાનોમાં સુગ્રથિત રીતે રોકાણ કરવું જોઈએ તો જ આ સમાજ અન્ય પ્રોગ્રેસિવ સમાજની હરોળમાં આવી શકે. આમ સમસ્ત પાટીદારોએ એક થઈ વેપાર, ધંધા, ઉદ્યોગ, રોજગારને મહત્ત્વ આપવું જોઈએ. જય સરદાર... જય હિંદ...

આપનો કલ્યાણ મિત્ર,
**ગગજી સુતરિયા**

# અનુક્રમણિકા


સરદાર પટેલની સ્પષ્ટ અને તેજસ્વી દ્રષ્ટિ — રાજમોહન ગાંધી — ૬

વૃક્ષલોક — ગુણવંત શાહ — ૨૬

વ્યક્તિપૂજા — સ્વામી સચ્ચિદાનંદ — ૧૧

પાટીદાર સમાજના સર્વાંગી વિકાસનો આધારસ્તંભ સરદારધામ — શૈલેષભાઈ સગપરિયા — ૩૨

ચલો કુછ રંગીન બાતેં કરે — જય વસાવડા — ૧૫

મારું ઘર સુંદર ઘર — વૃંદા મનજીત — ૩૬

આરોગ્યની ચાવી — ગાંધીજી — ૧૮

સરદારધામ યુવા તેજ-તેજસ્વિની આયોજિત શક્તિ-વંદના કાર્યક્રમ, સુરત — ટીમ સરદારધામ — ૪૪

લોકોપયોગી માર્ગદર્શન — એચ. એસ. પટેલ — ૨૩

વિમેન ઇન એગ્રીકલ્ચર — દિક્ષીત કોટડિયા — ૪૬


## ટીમ સરદારધામ

**ઉપપ્રમુખ**
નટુભાઈ એમ. પટેલ
દિલીપભાઈ એમ. પટેલ - ઉત્તર ગુજરાત
(માનદ્ મંત્રી-ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા)
પારૂલભાઈ એલ. પટેલ - મધ્ય ગુજરાત
CA વિષ્ણુભાઈ વી. પટેલ - ઉત્તર ગુજરાત
જશવંતભાઈ એ. પટેલ
કાંતિભાઈ એલ. ગઢિયા
કાનજીભાઈ કે. પટણી - મુંબઈ ઝોન
દિયાળભાઈ કે. વાઘાણી - દક્ષિણ ગુજરાત
પરેશભાઈ એમ. ગજેરા - સૌરાષ્ટ્ર ઝોન
ટી. જી. ઝાલાવાડિયા (DY.MC-Retd.)
પ્રો. ડો. જાગૃતિબેન જે. પટેલ - કન્વીનર, દીકરી સ્વાવલંબન યોજના

**મંત્રી**
CA બી. કે. પટેલ - માનદ્ મંત્રી
જગદીશભાઈ વી. ભુવા - નાણામંત્રી
રમેશભાઈ એ. પટેલ - મધ્ય ગુજરાત
સંજયભાઈ કે. સવાલિયા - બાંધકામ
ભરતભાઈ એચ. રાદડિયા - સમાજ સુરક્ષા
કાંતિભાઈ એમ. ભાવાણી - મુંબઈ ઝોન
મંગળદાસભાઈ જે. પટેલ - ઉત્તર ગુજરાત
મહેન્દ્રભાઈ એલ. પટેલ - સામાજિક સંકલન
મહેન્દ્રભાઈ કે. ફળદુ - સૌરાષ્ટ્ર ઝોન

**ઔદ્યોગિક સંકલન મંત્રી**
કે. આઈ. પટેલ
વિપુલભાઈ વી. ગજેરા (ભરૂચ-અંકલેશ્વર)
કિશોરભાઈ વી. વિરમગામા
અબજીભાઈ કે. ધોળુ
ઘનશ્યામભાઈ સી. બોરડ - મધ્ય ગુજરાત
કાંતિભાઈ વી. ભુવા
(નડિયાદ, આણંદ, વલ્લભવિદ્યાનગર)
હર્ષદભાઈ જે. પટેલ - સંગઠન મંત્રી

**સહનાણામંત્રી - GPBO - યુથ કન્વીનર**
ભાવિનભાઈ આર. પટેલ

**માર્ગદર્શક**
રામજીભાઈ એસ. ઈટાળિયા - દક્ષિણ ગુજરાત
કાંતિભાઈ વી. ઉકાણી
કાંતિભાઈ એન. પટેલ (રામ)
ડો. દશરથભાઈ વી. પટેલ - ઉત્તર ગુજરાત
છગનભાઈ એચ. આરદેશણા - મધ્ય ગુજરાત
નાથાભાઈ એમ. કાલરિયા - સૌરાષ્ટ્ર ઝોન
મહેન્દ્રભાઈ વી. ગજેરા - સૌરાષ્ટ્ર ઝોન

**ડાયરેક્ટર - સિવિલ સર્વિસ કેન્દ્ર**
સી. એલ. મીના IAS (Retd.)

**સી.ઈ.ઓ.**
એચ. એસ. પટેલ IAS (Retd.)

**એડવાઈઝર - સમાજ સુરક્ષા**
ડી. જે. પટેલ IPS (Retd.)

**ડાયરેક્ટર - સિવિલ સર્વિસ તાલીમ કેન્દ્ર-મધ્ય ગુજરાત**
વી. એમ. સોનાવણે IAS (Retd.)

**માનદ્ સલાહકાર - સિવિલ સર્વિસ તાલીમ કેન્દ્ર - રાજકોટ**
જે. કે. પટેલ
શૈલેષભાઈ સગપરિયા

**સંયોજક**
મનોજભાઈ ટી. ડોબરિયા

**પ્રોજેક્ટ ચેરમેન**
એમ. બી. ભાલાળા

**પ્રોજેક્ટ ઈન્ચાર્જ**
રામભાઈ એમ. શેલડિયા

**પ્રમુખ સેવક**
ગગજી જી. સુતરિયા





**રાજમોહન ગાંધી**
જાણીતા રાજનીતિજ્ઞ અને ગાંધીજીના પૌત્ર

**ગાંધીજીના કેટલાક અનુયાયી એવા અંધ હોય છે કે તેઓ પોતાની આંખે નહીં પણ ગાંધીજીની આંખે બધું જોતા હોય છે. પણ સરદાર અંધ અનુયાયીઓમાં જુદા તરી આવે છે. તેમની દ્રષ્ટિ સ્પષ્ટ અને તેજસ્વી છે.**

# સરદાર પટેલની સ્પષ્ટ અને તેજસ્વી દ્રષ્ટિ

કૉંગ્રેસના ઇતિહાસ લેખક લખે છે તેમ “ આંખના પલકારામાં સત્યાગ્રહનું સ્થાન ધારાસભા પ્રવેશે લઈ લીધું.” છૂટ્યા પછી ચાર દિવસે વલ્લભભાઈએ મહાદેવભાઈને કહ્યું કે “ બધાને ધારાસભામાં મોકલ્યા પછી હું પાછો ઘેર જઈશ.” ઘેર એટલે જેલમાં. પણ આ મશ્કરીમાં કહેવાયું હતું. જેલ ભરી દેનાર માણસ હવે ધારાસભાઓ ઊભરાવી દેવાનો પાઠ ભજવવાના હતા. સન ૧૯૩૪ની આખરમાં કેન્દ્રની ધારાસભાની ચૂંટણી થવાની હતી. ગાંધીજીના પ્રોત્સાહનથી કૉંગ્રેસે આ ધારાસભામાં પ્રવેશ કરવાનું ઠરાવ્યું. જેલમાંથી છૂટ્યા પછી વલ્લભભાઈ કૉંગ્રેસપ્રમુખ તરીકે સક્રિય બન્યા હતા અને આ ચૂંટણીમાં કૉંગ્રેસનો વિજય પાકો કરવાનું કામ તેમણે જાતે ઉપાડી લીધું. તેમના નાકનું ઑપરેશન કરાવવું પડે તેમ હતું, અને સરકારે તેમને છોડવા માટે આ કારણ દર્શાવ્યું હતું. પણ આ સારવાર મોકૂફ રાખવામાં આવી. ગુજરાતના સાથીઓને મળવાની ઇચ્છા પણ તેમણે દબાવી રાખી. “ તમારી પાસે હાલ તુરત આવી શકું તેમ નથી.” તે માટે માફી માગીને “ સરકારનો વિરોધ કરવાની લાલચ” હાલ તુરત પડતી મૂકવાની તેમણે હાકલ કરી. “ પરેશાની ભોગવતા ખેડૂતોને મદદરૂપ થવું “ તે પહેલું કામ છે, તેવી સલાહ તેમણે આપી. અને પ્રતિબંધ ઊઠી ગયો હોવાથી “ કૉંગ્રેસ સમિતિઓને ફરી સજીવન કરવા “ નું કામ તેમને સોંપ્યું.

નાશિકથી વલ્લભભાઈ મુંબઈમાં સેન્ડહર્સ્ટ રોડ પરના પોતાના દીકરાના ફ્લૅટમાં, ગયા હતા અને ગુજરાતના

ખેડૂતો માટે દસ લાખ રૂપિયા આપવા માટે તેમણે શહેરના વેપારીઓને વિનંતિ કરી.મણિબહેન, ડાહ્યાભાઇ, બિપિન જોડે થોડો વખત રહ્યા પછી, પોતાના છુટકારા બાદ પખવાડિયામાં વલ્લભભાઇ કારોબારીની બેઠકમાં પ્રમુખપદ સંભાળવા માટે બનારસ ગયા. બનારસમાં તેમને ગાંધીજી અને મહાદેવભાઇ મળ્યાં. કૉંગ્રેસ સમાજવાદી પક્ષના પહેલા સંમેલનના પ્રમુખ આચાર્ય નરેન્દ્ર દેવ પણ તેમને મળ્યા. સમાજવાદીઓ અંગેનો પોતાનો મત વલ્લભભાઇએ નિખાલસ રીતે દેવને જણાવ્યો. થોડા દિવસ પછી મહાદેવભાઇએ વલ્લભભાઇને લખ્યું “ તમારી ચોખ્ખી વાતની નરેન્દ્ર દેવ પર સારી છાપ પડી છે. તેમણે બાપુને કહ્યું કે ‘ મહેરબાની કરીને અમારી ભૂલ સુધારજો, અને અમારી પાસેથી કામ લેજો. અમને જુદા ગણશો નહી.’

એપ્રિલમાં વલ્લભભાઇને જે અચોક્કસતા જણાતી હતી તે હવે દૂર થઇ ગઈ હતી. તેમનો ઉદ્દેશ સ્પષ્ટ હતો – કૉંગ્રેસને મજબૂત બનાવવી. ગાંધીજીએ બીજી ચોંકાવનારી જાહેરાત કરી કે પોતે કૉંગ્રેસ છોડી દેશે. આ વખતે આ વિચારસ્પષ્ટતા વલ્લભભાઇને ઉપયોગી થઈ પડી. રાજકીય પ્રવૃતિ અંગે જાતે લાદેલા પ્રતિબંધની મુદ્દત ઑગષ્ટની આખરમાં પૂરી થતી હતી, ત્યારે મહાત્માજી કંઈક જાહેરાત કરશે, તેવી અપેક્ષા રાખવામાં આવતી હતી.પણ આવા નિર્ણયનો કોઇને ખ્યાલ હતો નહી. રાજાજી અને મૌલાના આઝાદ ગભરાઈ ઊઠયા. મહાત્માજી આ ધમકી અમલમાં મૂકે તો ચૂંટણીમાં જીતવાની કૉંગ્રેસની તક નેસ્તનાબૂદ થઈ જશે, તેવો ડર રાજાજીને હતો. તેમણે ગાંધીજીને તાર કર્યો. “ તમે અત્યારે કૉંગ્રેસમાંથી ખસી જાઓ અને છતાં તમારું કે કૉંગ્રેસનું રાજકીય મહત્ત્વ જળવાઈ રહે તેવું તમે ધારતા હો, તો તમારે નિરાશ થવું પડશે.” આઝાદે તથા અન્ય કૉંગ્રેસી આગેવાનોએ પણ ગાંધીજીને સમજાવવાની મથામણ કરી, પણ વલ્લભભાઇએ આવું કર્યું નહી.

**મહાત્માજીએ વલ્લભભાઇને લખ્યું. “ ગુજરાત અંગેની તમારી લાગણી સમજી શકું છું. તમને જે કરવું યોગ્ય દેખાય તે કરજો.”**

ગાંધીજી કૉંગ્રેસથી દૂર નાસી છૂટવા ઇચ્છતા ન હતા. તેમણે રાજાજીને જણાવ્યું કે “ હું ભાગીને ગુફામાં બેસવાનો નથી. હું તમારા બધા સાથે ઊભો રહેવાનો છું.” પોતાના વ્યક્તિત્વના “ ગૂંગળાવનારા પ્રભાવ” થી મુક્ત થયેલી કૉંગ્રેસમાં સમાજવાદી, ગાંધીવાદી, મધ્યમમાર્ગી, જમણેરી અને બીજાં તમામ વિચારો અને દ્રષ્ટિબિંદુઓની મોકળાશથી ચર્ચા કરી શકાશે, અને દરેક જૂથ પોતપોતાની કક્ષાએ પહોંચી શકશે. બીજું પોતાના ખસી જવાને પરિણામે, કૉંગ્રેસને સરકાર જોડે માનભર્યું સમાધાન કરવામાં સરળતા રહેશે. આવું સમાધાન ન થાય અને અથડામણ જરૂરી થઈ પડે તો તેની આગેવાની માટે કૉંગ્રેસ તેમને હુકમ કરી અને પોતાની આશા-અપેક્ષાને વલ્લભભાઇ બીજાઓ કરતાં સૌથી વહેલી સમજ્યા. અને પોતાની આશા-અપેક્ષા પણ આ જાતની હતી, તેવો તેમને ખ્યાલ આવ્યો. દાખલા તરીકે કૉંગ્રેસમાં સમાજવાદીઓ જોડે મુકાબલો કરી લેવાની તેમની તૈયારી હતી. અને બ્રિટન જોડે માનભર્યું સમાધાન કરવાના ખ્યાલ અંગે તેમનું મન ખુલ્લું હતું. વલ્લભભાઇના વલણ અંગે રાજાજીએ કહ્યું છેઃ

ગાંધીજીના કેટલાક અનુયાયી એવા અંધ હોય છે કે તેઓ પોતાની આંખે નહી પણ ગાંધીજીની આંખે બધું જોતા હોય છે. પણ સરદાર અંધ અનુયાયીઓમાં જુદા તરી આવે છે. તેમની દ્રષ્ટિ સ્પષ્ટ અને તેજસ્વી છે. સરદાર બધું જોઈ શકે છે પણ તે જાણીબૂઝીને પોતાની આંખે પાટા બાંધે છે અને ગાંધીજીની આંખે બધું જોવા મથે છે.

ગાંધીજીના રાજીનામાને સંબંધ છે ત્યાં સુધીમાં આ મૂલ્યાંકન ખોટું છે. ગાંધીજીના જવાથી કૉંગ્રેસ વધારે તંદુરસ્ત બનશે તેવું તેમની “ સ્પષ્ટ અને તેજસ્વી” આંખ જોઈ શકી. મહાદેવભાઇને લખેલા પત્રમાં તેમણે જણાવ્યું કે “ સમાજવાદીઓ બાપુને કૉંગ્રેસમાં રાખવા ઇચ્છે છે, પણ તેમના વિચાર સ્વીકારવા તૈયાર નથી. બાપુ કૉંગ્રેસ છોડે તેની તરફેણમાં હું હોવાને કારણે મારાથી તેઓ નારાજ છે, કારણ કે બાપુના ગયા પછી તેમણે જાતે પોતાનું કામ સંભાળવું પડશે.” રાજાજીએ પોતાનો મત બદલ્યો અને એક અંગ્રેજ મિત્રને તેમણે જણાવ્યું કે “ ગાંધીજી કૉંગ્રેસમાંથી ખસી જાય છે તે વિયોગ છે, વિચ્છેદ નથી.” હકીકતમાં તો આ વિયોગ પણ શાણપણભર્યો હતો.

પત્નીની બીમારીને કારણે ૧૧ દિવસની પેરોલ પર



છૂટેલા જવાહરલાલે આ ટૂંકા મુક્તિગાળા દરમિયાન સન ૧૯૩૪ના ઑગસ્ટમાં ગાંધીજી પર લાંબો અને નિખાલસ પત્ર લખ્યો. અસહકાર મોકૂફ રાખવાની અને ધારાસભા પ્રવેશની છૂટ આપવાની તેમણે સખત ટીકા કરી. તેમની ફરિયાદ એ હતી કે " સત્યાગ્રહના દુશ્મનો આપણા સ્વાતંત્ર્ય મંદિરના મઠાધીશો બની બેઠા છે." નેહરુના પત્રથી વલ્લભભાઈ ફિકરમાં પડ્યા. પણ ગાંધીજીને ચિંતા ન હતી. તેમણે વલ્લભભાઈને લખ્યું કે " જવાહરલાલના ધડાકા સંભળાય તેવા જોખમી હોતા નથી.વરાળ કાઢવાનો પોતાનો હક્ક તેમણે વાપર્યો છે અને હવે શાંત પડી ગયા છે તેવું મને લાગે છે." પણ વલ્લભભાઈ પર લખેલા રાજીનામાના વિધિસર પત્રમાં ગાંધીજીએ જવાહરલાલ માટે જે પાઠ મુકરર કર્યો તે વલ્લભભાઈએ સ્વયં આપ્યો ન હતો.

ગાંધીજીએ લખ્યું, " આ તબક્કે જવાહરલાલનાં સંપર્ક અને સલાહની ખોટ મને સાલે છે. નજીકના ભવિષ્યમાં કૉંગ્રેસના વાજબી રાહબર થવા માટે જવાહરલાલ સર્જાયા છે."

ગાંધીજીએ " ભાવિનો રાહબર" જાહેર કર્યો, તે હાથ ઉઠાવી લેવાની વિચિત્રતા કહેવાય. એ વાત સાચી છે કે ગાંધીજી પોતાનો ઘણોખરો સમય ગ્રામઉદ્યોગો અને પોતાના સાથીઓની તંદુરસ્તી જાળવવા પાછળ ગાળતા હતા. રાજાજીએ લખ્યું છે તેમ " અડધો રતલ ઘઉં, પા રતલ ચોખા અને તેટલાં જ શાકભાજી – આ અને આવા પ્રશ્નો પાછળ ભારતનો વિખ્યાત રાજપુરુષ સમય ગાળે છે." પણ જવાહરલાલ અંગે ગાંધીજીએ કરેલી જાહેરાત એવું સૂચવે છે કે ગાંધીજીનું રાજીનામું પક્ષપાતી હતું. અગાઉની માફક આ વખતે પણ જવાહરને ઊંચે આસને બેસાડવાની દરખાસ્તની સાથોસાથ ગુજરાતમાં વલ્લભભાઈની આણ મંજૂર રાખવામાં આવી. મહાત્માજીએ વલ્લભભાઈને લખ્યું. " ગુજરાત અંગેની તમારી લાગણી સમજી શકું છું. તમને જે કરવું યોગ્ય દેખાય તે કરજો."

ગુજરાતમાં વલ્લભભાઈના કેટલાક મિત્રો કૉંગ્રેસ સમાજવાદી પક્ષમાં જોડાયા હતા. તેમાંથી રોહિત મહેતાએ વલ્લભભાઈને જણાવ્યા મુજબ આ પગલું જવાહરલાલની સલાહ અનુસાર લેવામાં આવ્યું હતું. વલ્લભભાઈએ જવાબ આપ્યો કે જવાહરલાલે જેલમાંથી અથવા પેરોલ પર છૂટ્યા

પછી પણ આવી વિભંજક સલાહ આપી હોવાનું પોતે ક્ષણભર પણ માની લેવા તૈયાર નથી. વલ્લભભાઇએ કહ્યું કે જવાહરલાલ કરાંચી અધિવેશનથી કૉંગ્રેસના મંત્રીપદે હતા. આવી સલાહ આપતાં અગાઉ તેમણે આ હોદ્દા પરથી રાજીનામું મોકલાવ્યું હોત. સમાજવાદીઓ અંગેની પોતાની મુશ્કેલીઓ તેમણે વર્ણવી. પહેલું તો " સમાજવાદ " ની વ્યાખ્યા અંગે પણ તેમનામાં એકમતી નથી. " બ્રાહ્મણમાં ૮૪ નાત હોય છે તેમ સમાજવાદીઓ અંગેની ૮૫ જાત હોવાનું દેખાય છે." બીજું " ભવિષ્યમાં હિંદુસ્તાનમાં આઝાદ સરકાર સ્થપાય તેના સામાજિક અને રાજકીય તંત્ર અંગેની છણાવટ કરવામાં તેઓ સમયની બરબાદી કરે છે." અત્યારે તો આઝાદી પ્રાપ્ત કરવી તે પહેલું કામ છે. ત્રીજું " કેટલાક સમાજવાદીઓ માત્ર વાતો કરનાર લોકો છે. આવા મણસો જોડે મારે કદી બનવાનું નથી." છેલ્લી વાત એ કે કૉંગ્રેસમાં કોઈ સંગઠિત જૂથ હોય તે પોતે કદી કબૂલ રાખશે નહી. ગુજરાતના સાથીઓને તેમણે ખુલ્લી રીતે જણાવ્યું:

દૂરનાં આદર્શવાદી સ્વપ્નોમાં રાચવાનો સમય કે રસ ગુજરાતના કસાયેલા કાર્યકરો પાસે નથી તેની મને ખાતરી છે.....તમે પંદર વરસથી શાંત અને મૂંગી સેવાનો મીઠો અનુભવ લીધો છે. તેથી આવી ભણેશરી લોકોની ચર્ચાબાજીનું આકર્ષણ તમને થવાનું નથી.

મુંબઈમાં સન ૧૯૩૪ના ઑક્ટોબરમાં કૉંગ્રેસનું અધિવેશન મળ્યું, ત્યારે વલ્લભભાઇએ અધ્યક્ષપદ છોડીને રાજેન્દ્રપ્રસાદને સોંપ્યું. થોડી કૉંગ્રેસ સમિતિઓએ રાજેન્દ્રપ્રસાદનું નામ સૂચવ્યું હતું, અને ગાંધીજીએ તેમને આ માન સ્વીકારી લેવા માટે કહ્યું હતું, પણ રાજેન્દ્રપ્રસાદ વલ્લભભાઇને પણ ગમતા હતા. સન ૧૯૧૮માં તેમની પહેલી મુલાકાત થઇ ત્યારથી બંનેના વિચારો એકબીજાને મળતા આવતા હતા. સન ૧૯૧૮થી વલ્લભભાઇના મિત્ર બનેલા જીવતરામ કૃપાલાણી મુંબઈ અધિવેશનમાં કૉંગ્રેસના મહામંત્રી બન્યા. આ નિમણૂક કેવળ વલ્લભભાઇની પસંદગી હતી. કૃપાલાણી ગુજરાતથી ઉત્તર પ્રદેશમાં ગયા હતા અને ત્યાં બીજી પ્રવૃતિઓ ઉપરાંત એક મોટા ખાદી આશ્રમનું સંચાલન કરતા હતા. તેમણે કહ્યું છે કે "



વલ્લભભાઈ મને તાકીદે મળવા ઇચ્છતા હતા. હું ગયો અને તેમને મળ્યો. આગલી રાત્રે તેમણે મારું નામ મહામંત્રીપદ માટે સૂચવ્યું હોવાનું તેમણે મને જણાવ્યું. ગાંધીજી અને રાજેન્દ્ર પ્રસાદે આ દરખાસ્તને આવકાર આપ્યો હતો. પણ આ હોદ્દો મારા માટે વધારે પડતો ઊંચો અને જવાબદારીવાળો હતો, તેવું મને લાગ્યું. આશ્રમમાં બીજા લોકો જોડે મારા વાત કરવી પડશે તેવું મેં જણાવ્યું, પણ વલ્લભભાઈએ આ વાત બાજુએ ફગાવી દીધી.'' કૉંગ્રેશ કારોબારીના સભાસદ તરીકે અને મહામંત્રી તરીકે કૃપાલાણીએ ઘણાં વરસ સેવા બજાવી.

વલ્લભભાઈ છૂટ્યા તે પહેલાં ગાંધીજીએ કૉંગ્રેસ પાર્લમેન્ટરી બોર્ડના અધ્યક્ષ તરીકે અન્સારીને મૂક્યા હતા અને ઑક્ટોબરથી રાજેન્દ્રપ્રસાદ કોંગ્રેસના પ્રમુખ બન્યા હતા. બારડોલી કે અમદાવાદ નહીં પણ મુંબઈમાં થાણું નાખનાર વલ્લભભાઈ ચૂંટણીની બાબતમાં અખિલ ભારતીય કક્ષાના અધિષ્ઠાતા હતા. જિંદગીની આખર સુધી ચૂંટણીની બાબતમાં વલ્લભભાઈ જ કૉંગ્રેસના અધિષ્ઠાતા રહ્યા. ફાળા ઉઘરાવવા, ઉમેદવારો પસંદ કરવા, અન્ય પક્ષો જોડેના કૉંગ્રેસના સંબંધો ઠરાવવા, અને ધારાસભામાં કૉંગ્રેસ પક્ષના આગેવાનની વરણી કરવી — એ બધાં કામો વલ્લભભાઈ જ બજાવતા. મધ્યસ્થ ધારાસભાની સન ૧૯૩૪ની ચૂંટણીથી વલ્લભભાઈનું કામ શરૂ થયું. વલ્લભભાઈ જેલમાં હતા ત્યારે સ્વરાજ પક્ષના બાકી બચેલા આગેવાનો એવી આશા સેવતા હતા કે " નવો સ્વરાજ પક્ષ કૉંગ્રેસની સ્વાયત્ત સંસદીય શાખા બનશે'' તેવું મુનશીએ કહ્યું છે. પણ તેમણે સરદારના અંકુશને તાબે થવું પડ્યું.

**દૂરનાં આદર્શવાદી સ્વપ્નોમાં રાચવાનો સમય કે રસ ગુજરાતના કસાયેલા કાર્યકરો પાસે નથી તેની મને ખાતરી છે.....તમે પંદર વરસથી શાંત અને મૂંગી સેવાનો મીઠો અનુભવ લીધો છે. તેથી આવી ભણેશરી લોકોની ચર્ચાબાજીનું આકર્ષણ તમને થવાનું નથી.**

ગુજરાતના મતની પાકી ખાતરી ધરાવનાર વલ્લભભાઈએ ઉત્તર પ્રદેશ, બિહાર, મદ્રાસ, પંજાબ અને દિલ્હીમાં ચૂંટણી પ્રચાર કરવામાં સમય ગાળ્યો. વલ્લભભાઈ જાતે ચૂંટાવા માગતા ન હતા. હોદ્દો નહીં પણ સત્તા મેળવવાનું તેમનું ધ્યેય હતું. રાજેન્દ્રપ્રસાદ અને રાજાજી પણ બહાર રહ્યા. ૪૯ સમાન્ય બેઠકોમાંથી ૪૪ અને અનામત બેઠકોમાંથી ૧૭ બેઠકો મેળવીને કૉંગ્રેસે ચૂંટાયેલા ધારાસભ્યો માટેની ૧૦૪ બેઠકોમાંથી ૬૧ બેઠકો કબજે કરી. આઠ યુરોપિયનો માટે અને ૧૧ બેઠકો જમીનદારો તથા અન્ય ખાસ સ્થાપિત હિતો માટે અનામત રાખવામાં આવી હતી. આ હિસાબ ગણીને " નિવૃત થયેલા'' મહાત્માજીએ વલ્લભભાઈને જણાવ્યું તેમ " ચૂંટણીના પરિણામો ખરેખર અદ્દભુત આવ્યાં.'' પણ ધારાસભામાં ૪૧ વગર ચૂંટાયેલા અધિકારીઓ અથવા નિમાયેલા સભાસદો હોવાથી કૉંગ્રેસને બહુમતી મળી નહી.

મુસલમાનો માટે અનામત રખાયેલી ૩૦ ચૂંટાયેલી બેઠકોમાંથી ૧૯ જિન્નાહના જૂથને મળી. થોડી બેઠકો કોંગ્રેસીઓ અથવા તેમના ટેકેદારોને મળી અને બાકીની સરકાર તરફી લોકોને મળી. ૧૪૫ સભાસદોની સભામાં સરકાર અને કૉંગ્રેસની બેઠકો સરખી હોવાથી મતદાનના પરિણામનો આધાર જિન્નાહના જૂથના વલણ પર રહેતો. કૉંગ્રેસમાં ૧૨ ધારાસભ્યો કૉંગ્રેસ રાષ્ટ્રવાદી જૂથના હતા. માલવિયા અને અણેની આગેવાની તળેનું આ જૂથ મુસલમાનો માટે બેઠકો અનામત રાખવાના સરકારી ખરડાનો વિરોધ કરતું હતું. મોટા ભાગના કૉંગ્રેસી ધારાસભ્યોને કોમી ધોરણે અનામત બેઠકો રાખવાની વાત ગમતી ન હતી. પણ મુસલમાનો તેની તરફેણમાં હોવાથી, કોઈ સહમતી સ્થાપી શકાય ત્યાં સુધી તેનો અસ્વીકાર થતો અટકાવવા માટે તૈયાર હતા.

ધારાસભામાં કૉંગ્રેસી જૂથના આગેવાન તરીકે વલ્લભભાઈના ટેકાથી ચૂંટાઇ આવેલા ભૂલાભાઇ દેસાઇની સમસ્યા એ હતી કે માલવિયાના બાર ધારાસભ્યો ગુમાવ્યા સિવાય જિન્નાહના સોળે સભાસદોનો ટેકો શી રીતે મેળવવો ? કુનેહબાજ દેસાઇ મોટા ભાગે વિજયી નીવડતા. રાજેન્દ્ર પ્રસાદ અને રાજાજીએ સંયુક્ત મોરચા માટે જિન્નાહનો ટેકો મેળવવા પ્રયાસ કર્યો અને તેમાં તેમને નિષ્ફળતા મળી. " કૉંગ્રેસે ખાસ જાહેરાત કરીને સરકારે આપેલા કોમી ચુકાદાનો સ્વીકાર કરવો.'' તેવી જિન્નાહની શરત ફગાવી દેવાની બાબતમાં સરદાર, રાજેન્દ્રપ્રસાદ અને ભૂલાભાઇ એકમત હતા.



**સ્વામી સચ્ચિદાનંદ**

દેશના આધુનિક અને વ્યવહારિક આવિષ્કારોને સમર્થન આપતા સંત

# વ્યક્તિપૂજા

સૌથી કનિષ્ઠ પૂજા તે વ્યક્તિપૂજા છે. આપણે હિંદુઓ વૈદિક કાળમાં કાં તો બ્રહ્મપૂજક હતા, કાં તો દેવપૂજક હતા. પણ આપણે વ્યક્તિપૂજક તો ન જ હતા. વ્યક્તિપૂજા વૈદિક પ્રભાવની ક્ષીણતાના કાળમાં શરૂ થઈ. બૌદ્ધ-જૈન વગેરે અનીશ્વરવાદીઓ મુખ્યતઃ વ્યક્તિપૂજક હોય છે. તેઓ હિન્દુઓની માફક સૃષ્ટિપૂજક નથી. કોઈ જૈનને ગંગા-ગાય-તુલસી-પીપળો-સૂર્ય વગેરે ભૌતિક તત્વોની ઉપાસના કરતો નહિ જોયો હોય. કેમકે તે સૃષ્ટિપૂજક નથી. તેમ તે કોઈ મુસ્લિમ કે ખ્રિસ્તીની માફક એકમાત્ર પરમાત્માની

ઉપાસના પણ નથી કરતો, કારણ કે તેના મતે તેવો કોઈ ‘ સુપર પાવર ‘ એક્માત્ર પરમાત્મા છે જ નહીં, બધા જ આત્માઓ સરખા છે. તેમાંથી જે સાધના કરીને મહાન બન્યા, તે ભગવાન થયા, તે પૂજ્ય છે. બીજા દેવો, સિદ્ધો, કેવલીઓ વગેરે પણ પૂજ્ય છે. પણ સર્વોચ્ચ પૂજ્યતા જેમાં રહે છે તે ભગવાન છે. આ ભગવાન કોઇ ને કોઇ સમયમાં સૌની માફક જન્મેલી, વધેલી તથા અંતે દિવંગત થયેલી કોઇ ઐતિહાસિક વ્યક્તિ છે. આવી એક જ વ્યક્તિ ભગવાન છે તેવું નથી. ચોવીસ તો એક નિશ્ચિત અવધિમાં હોય જ. પણ પાછળના અનંતકાળમાં આવી અનંત એક નિશ્ચિત અવધિમાં હોય જ. પણ પાછળના અનંતકાળમાં આવી અનંત ચોવીસીઓ થઈ હોવાથી ભગવાન એક નહી પણ અસંખ્ય અનંત છે. આ બધા એક આત્મા રૂપે નહિ. પણ અલગ અલગ આત્મા રૂપે અલગ અલગ વ્યક્તિત્વ ધરાવતા છે. એટલે આ એક પ્રકારથી નહિ સર્વ પ્રકારથી વ્યક્તિપૂજા થઇ.

આપણે હિંદુઓ પણ હવે ઇશપૂજાને ગૌણ બનાવી વ્યક્તિપૂજાને વધુ મહત્વ આપતા થયા છીએ. આને કારણે અત્યારે હિંદુપ્રજામાં એક હજાર કરતાં વધારે ભગવાનો જીવતા-હયાતી ધરાવી રહ્યા છે, દિવસ ઊગે છે ને એક નવો ભગવાન પોતાની ભગવાન તરીકેની જાહેરાત કરે છે. નવાઇ એ છે કે આ વિજ્ઞાનના યુગમાં પણ એવા ભગવાનની પાછળ ચાલનારું મોટું ટોળું મળી રહે છે. શિક્ષિત અશિક્ષિત બધા જ આ ટોળામાં જોઈ શકાય છે. ધર્મ તથા અધ્યાત્મના આ ક્ષેત્રમાં વૈદિક કાળના દેવવાદ કરતાં ભૂંડા વ્યક્તિવાદમાં આપણે અટવાયા છીએ. જો વ્યક્તિપૂજાને તિલાંજલી આપવામાં આવે તો જ આ કરુણ દશામાંથી સમાજનો છુટકારો થઈ શકે.

આધ્યાત્મિક ક્ષેત્રમાં વ્યક્તિને ભગવાન માનવા પાછળ હિંદુ સમાજમાં બે મુખ્ય પરિબળો કામ કરી રહ્યાં છે : ૧. અવતારવાદ ૨. જીવ એ જ બ્રહ્મ છે. આત્મા સો પરમાત્મા આવો જીવબ્રહ્મૈકવાદ. આપણે કેટલાંક શાસ્ત્રવચનોનો એવો ભારપૂર્વક અર્થ કર્યો છે કે ભગવાન ધર્મ સ્થાપવા માટે અવતાર ધારણ કરે છે. તેમાં પણ ચોવીસ અવતારોમાં ત્રેવીસ થઈ ચૂક્યા છે. ચોવીસમો થવાનો છે. આ ચોવીસમો કલ્કિ અવતાર થવા માટે પડાપડી ચાલી રહી છે. પ્રત્યેક ભગવાન પોતાને કલ્કિ અવતાર બતાવવા પ્રયત્ન કરે છે. ટોળું તો આંધળું હોય છે. દેખતા માણસોનું તો વળી કયાંય ટોળું હોતું હશે ! લોકોને આંધળાં બનાવ્યા પછી જ તેમની પાસે ટોળાનું કામ કરાવી શકાય. એટલે હજારોનું ટોળું જેને ભગવાન માને તેનો કોણ વિરોધ કરે ? કરે તો કેટલો ચાલે ? અને તે પણ હિંદુ સમાજમાં ? આમ ભગવાનનો રાફડો ફાટ્યો છે. જયાં જુઓ ત્યાં ભગવાન જ ભગવાન. બીજી બાજુ અહીંની પ્રસિદ્ધિ ફિલસૂફી ‘ અહં બ્રહ્માસ્મિ’- હું પોતે જ બ્રહ્મ છું — એ છે. જીવભાવ તો અજ્ઞાનથી આવ્યો છે.

રજજુ સર્પ તથા ઘટાકાશ – મીઠાકાશના થોડા પિરિયડ ભરો એટલે જોતજોતામાં તમે જીવમાંથી સીધા શિવ થઈ જાવ. તમે પોતે પરમાત્મા જ છો. આવી આપણી એક ફિલસૂફી છે. આ ફિલસૂફીના કારણે કલ્કિ અવતાર તરીકે નહિ, પણ હરેક વ્યક્તિને પરમાત્મા થઈ જવાનું સરળ-સહજ કારણ મળી રહ્યું છે. થોડીક બૌદ્ધિક સમતા હોય તો કરો ટોળું ભેગું ને થઈ જાવ ભગવાન. કરો જાહેરાત કે આજ સુધીના બધા ભગવાનો અધૂરા હતા, માત્ર હું જ પૂર્ણ ભગવાન થઈને પ્રકટ્યો છું. જુઓ પેલા આંધળા ભક્તો, જૂના તમામ ફોટાચિત્રોને જળપ્રવાહમાં વહાવીને તમારાં-તાવીજ-લોકીટ-ફોટા પ્રતિમાઓ પૂજતા થાય છે કે નહી? લિંકને એક બહુ મહત્વની વાત કહી છે કે, “ કેટલાંક ક્ષેત્રોમાં તમે થોડો ટાઈમ સુધી લોકોને મૂર્ખ બનાવી શકો છો, કાયમ માટે નહિ.” પણ ધાર્મિક ક્ષેત્ર એવું ક્ષેત્ર છે કે જેમાં તમે કાયમ કાયમના માટે લોકોને મૂર્ખ બનાવી શકો છો. લોકો તમારા દ્વારા મૂર્ખ થવામાં કૃતકૃત્યતા અનુભવે. બીજા વિષે તો નહી પણ આપણા હિંદુ સમાજ માટે અત્યારે વ્યક્તિપૂજાએ માઝા મૂકી છે.

ઘણાં વર્ષો પહેલાં આવા બની બેઠેલા એક ભગવાન સાથે ચર્ચાવિચારણા કરવાનો યોગ થયેલો. તેઓ એમના ૨૦-૨૫ અનુયાયીઓને લઈને આવ્યા હતા. ચર્ચા ચાલી. તેઓ એક જ વાત કહ્યા કરે છે કે હું પોતે જ પ્રભુ છું. એક તરફ આ ચર્ચા ચાલે તો બીજી તરફ તેમને પાંચ-દશ મિનિટે ચલમ પીવાની તલપ લાગે. એટલે એક અનુયાયી ચલમ ભર્યા જ કરે. તેમના દ્વારા નીકળતા ધુમાડાથી મને અકળામણ થઈ. એટલે મેં કહ્યું કે “ ભગવાન ! આ ધુમાડો બંધ કરો. થોડા સમય માટે પણ ધુમાડો બંધ નથી કરી શકતા, આટલા વ્યસનમાં બંધાયેલા બંધાણી છો, શું ભગવાન આમ તમાકુના પરાધીન હોય? “ તેમણે પોપટની માફક વર્ષોથી એટલો જવાબ આપ્યો કે ‘ આ તો દેહનો ધર્મ છે, દેહ કરે છે. મારે શું ?’ આવા માણસને શું કહેવું ? ચલમ વિના રહી શકતો નથી ને પાછો કહે છે કે મારે શું ? કેવો છટકી જાય છે !

મેં વિચાર્યું કે શાસ્ત્રયુક્તિ આ અભણ માણસ આગળ નકામી એટલે તેમની કક્ષાની યુક્તિ અજમાવવા દે. મેં કહ્યું : ‘ ભગવાન ! જુઓ, તમે હૃદયપુષ્ટ બળવાન દેહધારી છો અને પાછા શક્તિમાન ભગવાન છો અને હું દુર્બળ દેહવાળો વ્યક્તિ છું અને પાછો અલ્પશક્તિવાળો જીવ છું. કેમ બરાબર ને ?’ તેમણે કહ્યું: “ હા બરાબર. તમને પણ સદ્‌ગુરુ ભેટે તો તમે પણ ભગવાન થઈ શકો છો.”

> **“ કેટલાંક ક્ષેત્રોમાં તમે થોડો ટાઇમ સુધી લોકોને મૂર્ખ બનાવી શકો છો, કાયમ માટે નહિ.” પણ ધાર્મિક ક્ષેત્ર એવું ક્ષેત્ર છે કે જેમાં તમે કાયમ કાયમના માટે લોકોને મૂર્ખ બનાવી શકો છો.**

મેં કહ્યું “ત્યારની વાત ત્યારે. પણ અત્યારે તમારા ભગવાનપણાને મારી ખુલ્લી ચેલેંઝ છે.” એમ કહી મેં જોરથી તેમનો હાથ પકડ્યો ને કહ્યું કે “ લો, હાથ છોડાવો, સર્વશક્તિમાન ભગવાન ! આ જીવના હાથમાં તે વળી કેટલી તાકાત, છોડાવો.”

મેં જોરથી તેમનો હાથ પકડ્યો હતો. લોકો સ્તબ્ધ ભાવે જોઇ રહ્યા હતા. ખરેખર મારું આ સાહસ જ હતું, કારણ કે તે મારા કરતાં પણ ઘણા બળવાન દેખાતા હતા. પણ મનોમન પરમાત્માને યાદ કરીને હું આ સાહસ કરી બેઠો હતો. એક ક્ષણમાં મારી આંખોમાં પરોવીને તેઓ હસ્યા. “ એમ ત્યારે...” કહીને જોરથી ઝટકો માર્યો હાથ છોડાવવા, પણ હાથ ના છૂટ્યો. બીજો, ત્રીજો, ચોથો, પાંચમો હાથ ઝકઝોળતા રહ્યા. ચહેરો લાલચોળ થઈ ગયો પણ હાથ ન છૂટ્યો. મને પોતાને મારા સૂકલકડી હાથ ઉપર નવાઇ લાગવા લાગી. આ બળ કોણે મૂક્યું છે ? અંતે થાકીને નારાજ થઇને બોલ્યા કે આ શું અજ્ઞાની જેવું કરો છો ? હાથ ન છોડાવી શક્યા એટલે આ પ્રક્રિયા અજ્ઞાનીની થઈ ગઈ.

છોડાવી શક્યા હોત તો...તો જ્ઞાનીની ! તટસ્થ પ્રેક્ષકો કિલકિલાટ કરી રહ્યા હતા. અંતે મેં છોડી મૂક્યો. ચલમ પીતાં પીતાં તેઓ વિદાય થયા. ( આ ભગવાન ! આવા તો કેટકેટલા ભગવાનો થયા છે ભારતમાં !)

એક બીજા ભગવાન છે, તે માત્ર એક જ કલાકમાં મોક્ષ આપવાની ખાતરીપૂર્વકની ડાંડી વગાડે છે. વર્ષો સુધી જપ-તપ-જ્ઞાન-ધ્યાનની વળી શી કડાકૂટ ? માત્ર તેમના ઢીંચણ ઉપર માથું મૂકીને ‘ તમારો શરણાગત છું. તમારો શરણાગત છું.’ આમ આર્તનાદથી કહો એટલે મુક્તિ તૈયાર. એક સજ્જન તેમની પાસે ગયા. પૂછ્યું કે ભગવાન, તમે એક જ કલાકમાં મોક્ષ આપી દો છો તે સાચી વાત ? “બિલકુલ સાચી વાત !” તેમણે જવાબ આપ્યો, “ તો પ્રભુ ! મરે દોઢ લાખનું દેવું થઈ ગયું છે. મિલકત ઉપર ટાંચ આવી રહી છે, આબરૂ જવાની અણી ઉપર છે. મારે મૃત્યુ પછી પામનારો મોક્ષ નથી જોઈતો. કૃપા કરીને આ દેવામાંથી મુક્તિ અપાવી દો, પ્રભુ !” પેલા ભક્તે કરગરતાં કહ્યું, સાંભળીને ઊતરી ગયેલા મોઢે ભગવાને જવાબ આપ્યો. “ અમે નગદ મોક્ષ નથી આપતા.” અર્થાત્ જેનો પ્રત્યક્ષ અનુભવ ન થાય. માત્ર માનસિક ભ્રમની મજબૂત દીવાલોમાં અંધશ્રદ્ધાળુ ભક્ત મોક્ષનો માનસિક લ્હાવો લઈ શકે તેવો મોક્ષ આપીએ છીએ. એવો તેમનો કહેવાનો ભાવ હતો. આમ કોણીએ ગોળ ચોપડનારા પણ ભગવાન થઇ શકે છે અને સેંકડો નહિ, હજારોનાં ટોળાં ભેગાં થઈ શકે છે. એ બતાવે છે કે આપણી આધ્યાત્મિકતામાં કેટલાં મોટાં પોકળ પોલ છે. જેમાં બધું જ શક્ય થાય છે.



મુસ્લિમો તથા ઇસાઇઓમાં કોઈ વ્યક્તિ ગમે તેવી સમર્થ હોય તો પણ તે પોતે કે પોતાના ભક્તો દ્વારા પોતાને ભગવાન (ઇશ્વર) નથી બનાવી શકતી. બહુ બહુ તો તે સંત-ફકીર-ઓલિયા કે પીર થઈ શકે. આપણા ત્યાં જ બધા ભગવાન થઈ બેસે છે. તેમાં ઉપર કહ્યાં તે બે કારણો મુખ્ય છે. તેમાંથી જન્મેલું વ્યક્તિપૂજાનું ભયંકર દૂષણ સંપૂર્ણ હિન્દુ સમાજને ક્ષત-વિક્ષત-વિકૃત કરી રહ્યું છે. હિન્દુ ધર્મ સામે મોટો પ્રશ્ન કોઈ હોય તો તે છે તેને વ્યક્તિપૂજાના ગંધાતા ખાબોચિયામાંથી બહાર કાઢી શુદ્ધ એક પરમેશ્વરની પૂજામાં પ્રતિષ્ઠિત કરવાનો.

વ્યક્તિપૂજાના આટલા બધા નિષેધ પછી પણ એક ખાસ વાત કહેવી જરૂરી છે. યોગ્ય વ્યક્તિની યોગ્ય સમયે કદર કરવી તે દોષ નથી. કોઈ વીરપુરુષને બિરદાવવો, કોઈ વૈજ્ઞાનિક કે સાહિત્યકારોને કે સંતપુરુષને યથાયોગ્ય માનસન્માન આપી પ્રતિષ્ઠિત કરવો, તે દોષ નહિ પણ અનિવાર્ય કર્તવ્ય છે. ગુણવાનની કદર થવી જ જોઈએ. પણ વ્યક્તિપૂજાનો વિરોધ ખાસ આટલા અંશમાં છે કે ધાર્મિક, સામાજિક કે રાજકીય ગેરલાભ ઉઠાવીને કોઈ ગમે તે અક્ષમ-સક્ષમ વ્યક્તિ પોતાની જાતને પૂજાનું કેંદ્ર બનાવી દે છે. ગુણોની જગ્યાએ માત્ર વ્યક્તિ-વંશ કે વેશ જ પૂજાતો રહે તે અનર્થકારી છે.

**સરદારધામ મેગેઝિનના વાચકો જોગ**

**સરદારધામ ઈ મેગેઝિનના વાચકોએ મેગેઝિન અંગેના પોતાના પ્રતિભાવો magazine.sardardham@gmail.com ઉપર મોકલવા વિનંતી.**



## સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

## વિશ્વ પાટીદાર સમાજ

## તમામ ઔદ્યોગિક-વેપારી મિત્રો માટે સોનેરી અવસર

GPBS (ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૧૮/૨૦૨૦) ની ભવ્ય સફળતા બાદ સમાજના પ્રથમ હરોળના ૧૦૦૦૦ તેમજ ૧૫૦૦૦ જેટલાં નાના - મધ્યમ બિઝનેસમેન, સમાજના વિવિધ પ્રોફેશનલ અંગો અને સરદારધામ યુવા તેજ-તેજસ્વીની (૧ લાખ સંગઠન) મળીને લાખો લોકો સુધી આપની કંપનીની પ્રોડક્ટના માર્કેટિંગ, બ્રાન્ડિંગ અને લોન્ચિંગ માટેનું ઉત્તમ પ્લેટફોર્મ એટલે "સરદારધામ-એક વિચાર" ઇ-મેગેઝિન.

તો આવો મિત્રો...સાંપ્રત પરિસ્થિતિ તેમજ આજના ટેક્નોલોજીના યુગમાં સમયની સાથે તાલ મિલાવવા **પરવડે તેવા જાહેરાતના નવા દર** સાથેના અજોડ માધ્યમ એવા "સરદારધામ-એક વિચાર" ઇ-મેગેઝિનમાં જાહેરાત આપી સરદારધામ વેબસાઇટ – સોશિયલ મીડિયા, ફેસબુકના માધ્યમથી આપણાં બિઝનેસનો બહોળો પ્રચાર કરી સફળતાના શિખરો સર કરીએ...જય સરદાર...

## "સરદારધામ-એક વિચાર" - ઇ-મેગેઝિન માટે જાહેરાતના નવા દર

### વાર્ષિક (માસિક કુલ-૧૨ અંક)

### જાહેરાતના દર (તારીખ :- ૦૧-૦૮-૨૦ થી લાગુ)

- બીજું ટાઇટલ (અંદરનું) રૂા. ૧,૦૦,૦૦૦/- A-4 સાઇઝ GST INCL.
- મેગેઝિનની અંદરના કોઈપણ એક ક્વાર્ટર પેજ માટે રૂા.૧૫,૦૦૦/- એ-૪ સાઇઝનું ક્વાર્ટર પેજ GST INCL.
- ત્રીજું ટાઇટલ (અંદરનું) રૂા. ૭૫,૦૦૦/- A-4 સાઇઝ GST INCL.
- મેગેઝિનની અંદરના કોઈપણ એક હાફ પેજ માટે રૂા.૨૫,૦૦૦/- A-4 સાઇઝનું હાફ પેજ GST INCL.
- ચોથું ટાઇટલ (બહારનું) રૂા. ૬૦,૦૦૦/- A-4 સાઇઝ GST INCL.
- મેગેઝિનની અંદરના કોઈપણ એક ફુલ પેજ માટે રૂા.૫૦,૦૦૦/- A-4 સાઇઝ GST INCL.




મેગેઝિનમાં ઓછામાં ઓછા ૧ વર્ષ માટે જાહેરાત આપવી જરૂરી છે.

મેગેઝિનમાં આપની કંપનીની જાહેરાત માટે ડિઝાઇન આપના તરફથી આપવાની રહેશે.

૧ વર્ષની જાહેરાતની રકમનો ચેક અને ડિઝાઇન એડવાન્સમાં એક સાથે મોકલી આપવાના રહેશે.

**મેગેઝિનમાં જાહેરાત માટે કે અન્ય કોઇ માહિતી માટે ૯૮૭૯૯૯૪૯૬૭ / ૭૫૭૫૦૦૧૫૯૬ પર સંપર્ક કરવો.**


સરદારધામ, વૈષ્ણોદેવી સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૨૧

/Sardardham1 • /sardardham_ • www.sardardham.org • info.sardardham@gmail.com
+91 7575001548 • @sardardham_ • Sardardham_Info • /Sardardham

# ચલો કુછ રંગીલી બાતેં કરે !



જય વસાવડા
જાણીતા યુવા કટાર લેખક

જ્યારે ભારત આઝાદીની વિપ્લવની ચળવળ લડતું હતું, ત્યારે ઈ.સ.૧૮૫૭માં બ્રિટનની અંદર એક ૧૯ વર્ષનો કેમિસ્ટ્રીનો વિદ્યાર્થી જગતને એક નવી આઝાદી અપાવી ચૂક્યો હતો. ત્યારે ઈ.સ.૧૬૬૬માં સર આઇઝેક ન્યૂટને કલર સાયન્સ યાને રંગોના વિજ્ઞાનની પાયાની શોધ કરી, એક સફેદ પ્રકાશના કિરણમાં સપ્તરંગી સ્પેક્ટ્રમ છૂપાયેલું છે. એ પ્રિઝમની મદદથી શોધ્યું...એ પછીની આ સૌથી વધુ મહત્ત્વની શોધ થઈ હતી. વિલિયમ પર્કિન નામના નવજવાને મેલેરિયાની ટ્રીટમેન્ટ પર અભ્યાસ કરતાં કરતાં કોલસામાંથી 'સિન્થેટીકડાય' શોધી કાઢી હતી. બસ, વિશ્વ કુદરતી રંગોના અર્કની ગુલામીમાંથી આઝાદ થઇ ગયું. રાસાયણિક રંગોએ દુનિયાને રંગબેરંગી ચીતરી નાખી !

જસ્ટ થિંક. કેમિકલ કલર્સ વિના આજનું અલ્ટ્રામોડર્ન કહેવાતું વિશ્વ કેવું હોત ? કોમ્પ્યૂટર્સ, કોસ્ચ્યુમ ડિઝાઈન્સ, કોસ્મેટિક્સ કાર, કરન્સી, સઘળે 'ક' (કૃત્રિમ) કલરનો ક ! હોળીના તહેવારથી પથારીની ચાદર સુધી સિન્થેટીક કલર્સની બોલબાલા છે. પણ જ્યારે ફૂલો કે રંગ સે, દિલ કી કલમ સે રંગપૂરણી કરવાની દુનિયા હતી, ત્યારે ? રંજકદ્રવ્યો ઉર્ફે કલર પિગમેન્ટ્સ પ્રકૃતિ પાસેથી મેળવવામાં આવતા. અને એની કિંમત દિલ થામ કે પઢિયે- ઘણી વખત લાખો કરોડોમાં અંકાતી ! રંગદ્રવ્યોના બદલામાં શુદ્ધ સોનું લેવાતું ! મહાન ચિત્રો માટે સદીઓ સુધી કુદરતી રંગોના અર્કનો રિઝર્વ સ્ટોક રાખવામાં આવતો. મેક્સિકોમાં પર્પલ યાને જાંબલી રંગના



છીપલાં મળતાં. કેનેરી ટાપુઓ પર થોપ પર થતા કોચીતીલ નામના જીવડાંના કોશેટાઓને ચગદી લાલ રંગ મેળવાતો. એ લાલ રંગ પર છેક ૧૮મી સદી સુધી સ્પેનના રાજાની 'રોયલ કલર' તરીકેની મોનોપોલી હતી. તો પર્પલ ડાઈની કિંમતમાંથી એક જમાનામાં આખું નગર રચાય તેટલો દલ્લો મળતો. આજે પણ જાપાનમાં વ્હાઈટ ઓઈસ્ટર શેલ (એક પ્રકારના છીપલા)માંથી બનાવાતી સફેદ ઢીંગલી ૨૫,૦૦૦ અમેરિકન ડૉલરની વેચાય છે!

યુરોપિયનો પાસે કેસરી રંગ તો હતો, પણ એના માટેનો કોઈ ચોક્કસ શબ્દ નહોતો. 'રેડ-યેલો'થી કામ ચલાવાતું. પણ ભારતમાંથી ત્યાં સંતરા ગયા. સંતરાના વૃક્ષને કહેવાય નારંગી. 'નારંગ' શબ્દ અપભ્રંશ થતાં થતાં થઈ ગયો 'ઓરેન્જ'! એવું જ આજકાલ પ્રિન્ટિંગ ટેકનોલોજીમાં બહુ વપરાતા 'મેજેન્ટા' કલરનું છે. કલર પ્રિન્ટિંગના ચાર બેઝિક કલરમાંનો એક એવો આ શ્યામગુલાબી જેવો રંગ મેજેન્ટા શા માટે કહેવાય છે? કારણ કે, ઈ.સ. ૧૮૫૯માં નેપોલીયને ફ્રાન્સમાંથી કૂચ કરી ઓસ્ટ્રિયા જીત્યું, એ ઓસ્ટ્રિયાના એક શહેરનું નામ છેઃ મેજેન્ટા ! એ વખતે સમ્રાટ નેપોલિયન ત્રીજાના વિજયની ખુશાલીમાં નવા શોધાયેલા રંગદ્રવ્યનું નામ પડ્યું-મેજેન્ટા.



ક્યાંક પદાર્થ કે સજીવ કે વસ્તુ રંગીન એટલે છે કે ઈલેક્ટ્રોનના વિદ્યુતભારનું રૂપાંતર (ચાર્જ ટ્રાન્સફર) થાય છે. જેમ કે નિયોન ગેસના રાતના ચમકતા સાઈન બોર્ડ કે અવકાશી વીજળી ! ક્યાંક તત્ત્વના રાસાયણિક 'એનર્જી બેન્ડ' કારણભૂત બને છે. દાખલા તરીકે, ધાતુઓ પ્રકાશના કિરણનો એકમ 'ફોટોન'નામે ઓળખતો કણ છે. પ્રકાશ જ્યારે ચાંદી કે સ્ટેઈનલેસ સ્ટીલની સપાટી પર પડે, ત્યારે એનો ઈલેક્ટ્રોમેગ્નેટિક (વિદ્યુત ચુંબકીય)તરંગ ધાતુમાંના અણુ સાથે પ્રક્રિયા કરે છે. એ બરાબર થાય, તો શ્વેત રંગ ઝળહળે...થોડી ઓછી થાય તો સ્પેક્ટ્રમનો બ્લુ ટોન વાળો ભાગ ઓછો પરાવર્તન પામે, માટે લાલાશ અને પીળાશ વધે- જેથી ગોલ્ડ ઉર્ફે સુવર્ણ સોનેરી દેખાય કે કોપર ઉર્ફે તાંબુ લાલ !

હોળી-ધૂળેટીનો સંબંધ પણ આબાદ બેસી ગયો છે. ગરમી અને પ્રકાશનો સંગમ એટલે આગ. અગ્નિ યાને ગરમી અને પ્રકાશ પણ રંગના ઉદ્ભવનું મહત્વનું પરિબળ છે !દરેક હોળીએ એક સાદો સવાલ થાયઃ આગ છાણા લાકડામાંથી પ્રગટે ત્યારે પીળી હોય છે દૂરથી એના ભડકા કેસરી દેખાય છે. વેલ્ડિંગ માટેની ઓક્સિએસિટિલિન ટોર્ચ જેવા સાધનોમાં અગ્નિશિખા સફેદ હોય છે ! અને ઘેર ગેસના બર્નર પર પ્રગટતી જ્યોત વળી બ્લુ હોય છે ! ફાયર હેઝ મેની કલર્સ !

લાઈટ યાને પ્રકાશને 'કલર ટેમ્પરેચર' પણ હોય છે. તાપમાનની વધઘટ મુજબ આગના રંગો ફરતા રહે છે. જેમ ટેમ્પરેચર ઊંચુ એમ રંગ વધુ બ્લ્યુ ટોન ધરાવતો થાય. ૨૦૦૦૦ કેલ્વિનના તાપમાને આકાશ વાદળી છે. ૫૪૦૦૦ કેલ્વિનના તાપમાને સૂર્ય લાલ-કેસરી-પીળો ! મીણબત્તીની જ્યોતમાં બહારની બાજુએ વાદળી ઝાંખ પડે અને અંદર મધ્યકેંદ્રમાં લાલ ઝાંખ પડે. શા માટે ? કારણ કે ગુરુત્વાકર્ષણ ભારે ચીજોને ખેંચે, અને વધુ ગરમ હવા હળવી હોઈને બહાર-ઉપરના ભાગે રહે, બ્લ્યુ ઈફેક્ટ સાથે !

તો રૂબી (માણેક) કે શેફાયર (નીલમ)ના લાલ કે બ્લ્યુ રંગો એમાં રહેલી ખનીજતત્વની અશુદ્ધિઓને આભારી છે. પૃથ્વીના મિનરલ્સ (ખનીજો)ને લીધે જ તો માટી યાને ધરતીના ભૂખરા, બદામી, લાલ, રાખોડી, કાળા, કથ્થાઈ વગેરે રંગો મળે છે. ફટાકડાના રંગો પણ એમને આભારી છે. શુદ્ધ હીરો રંગહીન છે. એમાં ક્રોમિયમની અશુદ્ધિ ભળે, ત્યારે એ લાલ દેખાય અને ટાઈટેનિયમ પ્લસ આયર્ન હોય ત્યારે વાદળી!

વાત વિજ્ઞાનની નથી, પ્રકૃતિના રંગીન રહસ્યોની છે. મોરપીછનાં રંગો કે પતંગિયાની પાંખ જોઈને કોઈ પણ ઈન્સાન કવિ થઈ શકે છે. પણ આ મલ્ટીકલર રચનાઓ કઈ



રીતે રચાય છે ? હોળી/ધૂળેટીની રજાઓમાં પણ એનો જવાબ શોધવાની ફુરસદ મળતી નથી ! મોરપીછના નળાકાર ભૂંગળીઓમાંના બ્લેક પિગમેન્ટ્સ અને અવર્ણનીય મેઘધનુષી રંગો આપે છે ! પ્રકાશ જે એંગલથી એના પર પડે, એમ એની રંગછટાઓ બદલાય છે ! એવું જ 'બીટલ્સ' નામે ઓળખાતા ઢાલીયા જીવડાઓની ત્વચાનું છે.

પતંગિયાના વિશ્વમાં સોથી મોટી સાડા સાતથી વીસ સેમી. જેવડી પાંખ ધરાવતા પતંગિયા 'મોર્ફો' છે. એના ફ્લ્યુરોસન્ટ બ્લ્યુ કલરની પાંખો જોઈને પ્રહલાદ નરસિંહ અવતારને જોઈને અભિભૂત થઈ ગયો હતો, એવી લાગણી થાય ! ગામડાના મકાનોના છાપરા પર રાખેલ નળિયાની જેમ આ પતંગિયાની પાંખમાં ઝાંય પાડતા લેયર્સ (સ્તર) હોય છે. સોપ બબલ્સ યાને પરપોટા કે સપ્તરંગી ઝાંય પાડતા ચળકતા છીપલાંમાં જે પરાવર્તન પ્લસ વક્રીભવનનો ખેલ રચાય છે, એ જ અહી પણ થાય છે. પહેલાં નીચેની સપાટી પર પ્રકાશનું કિરણ પહોંચી એ ચળકતી લીસ્સી સપાટી પરથી પાછું ફરે છે, ત્યાં ઉપલી સપાટી સુધી નવું કિરણ પહોંચે છે. કિરણો થ્રી-ડી ઈફેક્ટ રચીને પ્રિઝમ જેવી રચના સર્જે છે ! પરિણામે ઝળહળતા રંગોની સૃષ્ટિ ઝગમગે છે !

પાંદડાનો લીલો રંગ તો ક્લોરોફિલને લીધે છે - પણ પીળો - લાલ રંગ શાને લીધે ? ગાજરમાં રહેલા કેરોટિનને લીધે ! એવી જ રીતે ઘણીવાર કૉફી કે શેરડીના રસની ધાર થતી હોય ત્યારે એ આછા રંગની લાગે, પણ પ્રવાહી પ્યાલામાં પહોંચ્યા પછી ડાર્ક યાને ઘેરું લીલું કે કથ્થાઈ લાગે ! આવું નજર સામે થાય છે પણ આપણને કદી એ અંગેનો સવાલ થાય છે ? આ એજ ક્રિયા છે જેને લીધે સફેદ સ્નો ધરાવતા હિમશિખરો દૂરથી નીલા - બ્લ્યુ દેખાય છે ! એવું જ પાણીના જથ્થા માટે ! કારણ કે જ્યારે પડ ૧ સેમી. જેવું પાતળું હોય ત્યારે એ 'ફિલ્ટર' બધા રંગોને ઝીલે છે, પણ એ જાડું બને ત્યારે ચોક્કસ તરંગલંબાઈના વાદળી જૂથના રંગને જ રિફ્લેક્ટ કરે છે!

લોહી કે મોંનો કલર લાલ-ગુલાબી કેમ છે? ગુલાબ લાલ હોય તો કેમ વધુ સુંદર લાગે છે? કારણ કે રેડ ઈઝ સાઈન ફોર ડેન્જર! સાચી વાત! લાલ રંગ ખરેખર ખતરનાક રંગ છે. એની વધુ પડતી અસર હાર્ટબીટ્સને તેજ કરી દે છે! એને જોવાથી પુરૂષમાં એડ્રીનાલિન નામનો મર્દાનગીનો હોર્મોન પ્રસરે છે! પણ લાલ રંગ આકર્ષક છે. ઈ.સ. ૧૮૯૮માં યુનિવર્સિટીની ફુટબોલ ટીમના યુનિફોર્મ પરથી 'કેમ્પબેલા' નામની કંપનીએ ટોમેટો સૂપને રેડ ટીનના પેકિંગમાં પેશ કર્યો, ત્યારથી ચીજવસ્તુઓના પેકિંગમાં સૌથી વધુ વપરાતો રંગ લાલ છે! બેરિસ્ટરો ફાઈલ પર બ્રિટનમાં લાલ રંગના ફૂલોના રસમાં બોળેલી પટ્ટી બાંધતા. એના પરથી જ સરકારી બાબુશાહી માટેનો શબ્દ આવ્યો રેડ ટેપિઝમ!

કલર ઈઝ સિમ્બોલ ઓફ એનર્જી ! જો ઊર્જા કે પ્રકાશ નથી, તો રંગ પણ નથી. માટે રંગ એ ચેતનતત્વના હૈયાનો ધબકાર છે.



# આરોગ્યની ચાવી

**-ગાંધીજી**

## પાણી

પાણીના ઉપચાર જાણીતી તેમ જ પુરાણી વસ્તુ છે. તેને વિશે ઘણાં પુસ્તકો લખાયાં છે. ક્યુનેએ તેનો ઉત્તમ ઉપયોગ શોધ્યો છે. એનું પુસ્તક હિંદુસ્તાનમાં બહુ પ્રસિદ્ધિને પામ્યું છે. તેનો તરજુમો પણ આપણી ભાષાઓમાં થયો છે. એના વધારેમાં વધારે અનુયાયી આંધ્ર દેશમાં મળે છે. ક્યુનેએ ખોરાક વિશે પણ સારી પેઠે લખ્યું છે. અહીં તો હું માત્ર પાણીના ઉપચારો ઉપર જ લખવા ધારું છું.

ક્યુનેના ઉપચારોમાં મધ્યબિંદુ કટીસ્નાન અને ઘર્ષણસ્નાન છે. તેને સારુ તેણે ખાસ વાસણ પણ યોજ્યું છે. એની ખાસ આવશ્યકતા નથી. મનુષ્યના કદ પ્રમાણે ત્રીસથી છત્રીસ ઈંચનું ટબ બરોબર કામ આપે છે. અનુભવ પ્રમાણે મોટું જોઈએ તો મોટું લેવું. તેમાં ઠંડું પાણી ભરવું. ઉનાળામાં ખાસ ઠંડું રાખવાની જરૂર છે. તુરત ઠંડું કરવું હોય તો, ને મળે તો, થોડો બરફ નાખવો. વખત હોય તો માટીના ઘડામાં ઠારેલું પાણી બરોબર કામ આપે છે. ટબમાં પાણી ઉપર કપડું ઢાંકી ઝપાટાબંધ પંખો કરવાથી તુરત ઠંડું કરી શકાય.

ટબ ભીતને અઢેલીને રાખવું ને તેમાં પીઠને આધાર મળે એવું લાંબુ પાટીયું રાખવું, જેથી તેને અઢેલીને દરદી આરામથી બેસી શકે. આ પાણીમાં પગ બહાર રાખીને દરદી બેસે. પાણીની બહારનો શરીરનો ભાગ ઢાંકેલો હોવો જોઈએ, જેથી ઠંડી ન વાય. જે કોટડીમાં ટબ રાખવામાં આવે તેમાં હવાની આવજા અને અજવાળું હોવાં જ જોઈએ. દરદીના આરામપૂર્વક બેઠા પછી તેના પેડુ ઉપર એક નરમ ટુવાલ વતી ધીમું ઘર્ષણ કરવું. પાંચ મિનિટથી ત્રીસ મિનિટ લગી બેસી શકાય. સ્નાન થયા પછી ભીનો ભાગ સૂકવીને દરદીને સુવાડી દેવો જોઈએ. આ સ્નાન ઘણો ઘણો સખત તાવ હોય તેને પણ ઉતારે છે. આ પ્રમાણે સ્નાન લેવામાં નુકસાન તો છે જ નહીં, અને લાભ પ્રત્યક્ષ મળે છે. સ્નાન ભૂખ્યે પેટે જ લેવાય છે. બંધકોષમાં પણ આ સ્નાન ફાયદો કરે છે. અજીર્ણને મટાડે છે. સ્નાન લેનારના શરીરમાં કાંટા આવે છે. બંધકોષને સારુ કટીસ્નાન પછી અરધો કલાક આંટો મારવાની ભલામણ છે. આ સ્નાનનો મેં બહોળો ઉપયોગ કર્યો છે. બધી વેળા સફળ થયો છે એમ નહીં કહી શકું, પણ સોમાંથી પંચોતેર ટકામાં સફળતા મળી છે એમ કહી શકું. તાવ બહુ ચડ્યો હોય ત્યારે તો, ને દરદીને ટબમાં બેસાડી શકાય એવી સ્થિતિ હોય તો, તાવ બેત્રણ દોરા તો



જરૂર ઊતરશે. સન્નિપાતનો ભય મટશે.

આ સ્નાનને વિશે ક્યુનેની દલીલ આ છે : રોગનું ગમે તે બાહ્ય ચિહ્ન હોય, પણ તેનું આંતરિક કારણ એક જ હોય છે. આંતરડાનો તાવ અંદરની ગરમીને અનેક રૂપે બહાર પ્રગટાવે છે. આ આંતરિક તાવ કટીસ્નાનથી અવશ્ય ઊતરે છે ને તેથી બહારના અનેક ઉપદ્રવો શાંત થાય છે. આ દલીલમાં કેટલું તથ્ય છે એ હું ન કહી શકું. એ તો અનુભવી દાક્તરો બતાવી શકે. પણ જોકે નૈસર્ગિક ઉપચારોમાંથી કંઈ દાકતરોએ લીધેલું છે છતાં એમ કહી શકાય કે એ ઉપચારો વિશે તેઓ ઉદાસીન રહ્યા છે. આમાં બન્ને પક્ષના દોષ હું જોઉં છું દાક્તરો પોતાની શાળા વાટે જે શીખે તે જ જોવાની ટેવ કેળવે છે, એટલે બહારનું જે હોય તેને વિશે તિરસ્કાર નહી તો ઉદાસીનતા તો અવશ્ય બતાવે છે. નૈસર્ગિક ઉપચારકો દાક્તરોને વિશે તિરસ્કાર કેળવે છે, અને પોતાની પાસે શાસ્ત્રીય જ્ઞાન ઘણું ઓછું હોવા છતાં દાવો બહુ મોટો કરે છે. ઉપચારકો સંઘશક્તિ કેળવતા નથી. કેમ કે સહુને પોતાની પાસે રહેલી મૂડીથી સંતોષ છે. તેથી બે સાથે મળીને કામ નથી કરી શકતા. કોઇના પ્રયોગ ઊંડે જતા નથી. કોઈ નમ્રતા કેળવતા નથી,.(નમ્રતા કેળવી શકાતી હશે ખરી?) આમ કહીને હું નૈસર્ગિક ઉપચારકોને વગોવવા નથી ઇચ્છતો. વસ્તુસ્થિતિ બતાવું છું. જયાં સુધી એઓમાંથી કોઈ અત્યંત તેજસ્વી માણસ ઉત્પન્ન નહીં થાય ત્યાં લગી સ્થિતિ બદલાવાનો સંભવ થોડો છે. સ્થિતિ બદલવાનો બોજો ઉપચારકો ઉપર છે. દાક્તરો પાસે પોતાનું શાસ્ત્ર છે, પોતાની પ્રતિષ્ઠા છે, પોતાનો સંઘ છે, પોતાની શાળાઓ છે. અમુક અંશે સફળતા પણ મળે છે. તેઓ પાસેથી અજાણી વસ્તુ એકાએક ગ્રહણ કરવાની આશા ન રાખવી ઘટે.

દરમ્યાન સમાન્ય માણસે આટલું સમજી લેવું બસ છે. નૈસર્ગિક ઉપચારના ગુણ તેના નામ પ્રમાણે છે. કેમ કે તે કુદરતી એટલે અણઘડ માણસ નિશ્ચિતપણે તેનો ઉપયોગ કરી શકે છે. માથું દુખ્યું તો ટાઢા પાણીમાં બોળીને ભીનો રૂમાલ માથે મૂકવામાં નુકસાન થાય જ નહી. માટીનો ઉપયોગ ઉમેરી ભીનાશની ઉપયોગિતામાં આપણે વધારો કરી શકીએ.

હવે ઘર્ષણસ્નાન ઉપર આવું, જનનેન્દ્રિય બહુ નાજુક ઇન્દ્રિય છે. તેની ઉપરની ચામડીના છેડામાં કંઇક અદભુત વસ્તુ રહેલી છે. તેનું વર્ણન કરતાં તો મને નથી આવડતું. આ જ્ઞાનનો લાભ લઈને ક્યુનેએ કહ્યું છે કે, ઇન્દ્રિયોના છેડા ઉપર નરમ રૂમાલ ભીંજવીને તેની ઉપર પાણી રેડતા જવું ને ઘસતા જવું. ઉપચારની પદ્ધતિ આમ બતાવી છે : ટબમાં પાણીની સપાટીથી થોડે ઊંચે તેની બેઠક આવે એવું સ્ટૂલ મૂકવું. પગ બહાર રાખીને તેની ઉપર બેસવું, ને ઇન્દ્રિયના છેડાનું ઘર્ષણ કરવું. જરાય ઇજા ન થવી જોઇએ. ક્રિયા





ગમવી જોઇએ. આ ઘર્ષણથી સ્નાન લેનારને ઘણી શાંતિ મળે છે, તેનું દરદ ગમે તે હોય તે તે વખતે તો શાંત થાય છે. આ સ્નાનને ક્યુનેએ કટીસ્નાન કરતાં ઊંચું સ્થાન આપ્યું છે. મને જેટલો અનુભવ કટીસ્નાનનો થયો છે તેટલો ઘર્ષણસ્નાનનો નથી થયો. તેમાં મુખ્ય દોષ તો મારો જ ગણું, મેં તેનો પ્રયોગ કરવામાં આળસ કર્યું છે. જેઓને તે ઉપચાર સૂચવ્યા છે તેઓએ તેનો ધીરજથી ઉપયોગ નથી કર્યો એટલે પરિણામને વિશે અનુભવથી કંઇ નથી લખી શકતો. સૌએ આ અજમાવી જોવા જેવું છે. ટબ વગેરેની સગવડ ન હોય તો લોટામાં પાણી ભરીને તેથી ઘર્ષણસ્નાન લઈ શકાય. તેથી શાંતિ તો વળશે જ. માણસ આ ઈન્દ્રિયની સફાઈ ઉપર બહુ ઓછું ધ્યાન આપે છે, જયારે ઘર્ષણસ્નાનથી એ ઈન્દ્રિય સહેજે સાફ તો થશે જ. ચીવટ ન રખાય તો ઘૂમટને ઢાંકનારી ચામડીમાં મેલ ભરાયા જ કરે છે. એ મેલ કાઢી નાખવાની પૂરી જરૂર છે. એ ઈન્દ્રિયના આવા સદુપયોગથી, એને વિશે કાળજી રાખવાથી બ્રહ્મચર્યપાલનમાં મદદ મળે છે. આસપાસના તંતુઓ મજબૂત અને શાંત થાય છે; અને ઈન્દ્રિય વાટે ફોકટ વીર્યસ્રાવ ન થવા દેવાની ચીવટ વધે છે, કેમ કે એમ સ્રાવ થવા દેવામાં રહેલી ગંદકી વિશે મનમાં અણગમો પેદા થાય છે, - થવો જોઇએ.

**આ ચાદરસ્નાન શરીરમાં અળાઇ થઈ હોય, શીળસ થયું હોય, બહુ ચળ આવતી હોય, અછબડા નીકળ્યા હોય, માતા નીકળ્યાં હોય તેમાં પણ કામ આપે છે.**

આ બે ખાસ ક્યુનેનાં સ્નાન કહીએ. ત્રીજું કેટલેક અંશે એવી જ અસર પેદા કરનારું ચાદરસ્નાન છે. તાવ આવતો હોય અથવા જેને નિંદ્રા કેમેય ન આવતી હોય તેને આ સ્નાન ઉપયોગી છે.

ખાટલા ઉપર બે-ત્રણ ઊની કામળ પાથરવી. એ પહોળી હોવી જોઇએ. તેની ઉપર જાડી સુતરાઉ ચાદર, જેવો કે જાડી ખાદીનો ચોફાળ — પાથરવી; તેને ઠંડા પાણીમાં બોળી ખૂબ નિચોવવી ને તે કામળ ઉપર પાથરવી. આની

ઉપર દરદીને ચત્તો સુવાડવો. તેનું માથું  કામળ બહાર તકિયા ઉપર રાખવું. માથા ઉપર ભીનો નિચોવેલો ટુવાલ રાખવો. દરદીને સુવાડીને તરત કામળના છેડાને ચાદર ચારે મેર લપેટી લેવાં. હાથ ચાદરની અંદર હોય, પગ પણ બરોબર ચાદર ને કામળાની અંદર ઢંકાયેલા હોય કે જેથી બહારનો પવન અંદર ન જવા પામે. આ સ્થિતિમાં દરદીને એકબે મિનિટમાં ગરમી લાગવી જોઇએ. શરદીનો ઇશારો માત્ર સુવાડતી વખતે જણાશે, પછી દરદીને સારું જ લાગવું જોઇએ. જો તાવે ઘર ન કર્યું હોય તો પાંચેક મિનિટમાં ઘામ થઇને પસીનો છૂટે. પણ સખત માંદગીમાં અડધો કલાક લગી મેં દરદીને ચાદરમાં રાખ્યો છે ને આખરે પસીનો આવ્યો છે. કેટલીક વાર પસીનો નથી છૂટતો પણ દરદી સૂઈ જાય છે. સૂઈ જાય તો દરદીને જગાડવો નહીં, ઊંઘ સૂચવે છે કે તેને ચાદરસ્નાન આરામ આપે છે. ચાદરમાં મુકાયા પછી દરદીનો તાવ એકબે અંશ નીચે ઊતરે જ છે. સન્નિપાતમાં ઘેરાયેલા બેવડા ન્યુમોનિયાવાળા મારા દીકરાને મેં ચાદરસ્નાન આપ્યું છે. ત્રણચાર દિવસ આપ્યા પછી તાવ હઠ્યો ને પસીને રેબઝેબ થયો. તેનો તાવ છેવટે ટાઇફૉઇડ નીવડ્યો ને ૪૨ દિવસે તાવ ઊતર્યો. ચાદરસ્નાન તો ૧૦૬ ડીગ્રી સુધી તાવ જતો ત્યાં લગી જ આપ્યું. સાત દિવસ પછી એવો સખત તાવ ગયો, ન્યુમોનિયા ગયો ને પછી ટાઇફૉઇડરૂપે ૧૦૩ લગી જતો. અંશ (ડીગ્રી) વિશે મને સ્મરણશક્તિ છેતરતી હોય એમ બને. આ ઉપચાર દાક્તર મિત્રોની સામે થઇને મેં કરેલો. દવા કંઇ જ નહીં આપેલી. એ દીકરો મારા ચારે દીકરાઓમાં વધારે સારું આરોગ્ય આજે ભોગવે છે ને સહુથી વધારે ખડતલ છે.

આ ચાદરસ્નાન શરીરમાં અળાઇ થઈ હોય, શીળસ થયું હોય, બહુ ચળ આવતી હોય, અછબડા નીકળ્યા હોય,માતા નીકળ્યાં હોય તેમાં પણ કામ આપે છે. મેં આ દરદોમાં ચાદરસ્નાનનો છૂટથી ઉપયોગ કર્યો છે. શીતળા કે અછબડામાં મેં પાણીમાં ગુલાબી રંગ આવે એટલું પરમેન્ગેનેટ નાખેલું. ચાદરનો ઉપયોગ થયા પછી તેને ઊકળતા પાણીમાં બોળી, પાણી નવશેકું થયા પછી બરોબર ધોઇ નાખવી જોઇએ.

લોહીનું ફરવું મંદ થઇ ગયું હોય ત્યારે, પગમાં બહુ કળતર થતી હોય ત્યારે બરફ ઘસવાથી ઘણો ફાયદો થયેલો જોયો છે. બરફના ઉપચારની અસર ઉનાળામાં વધારે સારી રીતે થાય છે. શિયાળામાં નબળા માણસની ઉપર બરફનો પ્રયોગ કરવામાં જોખમ હોઈ શકે.

હવે ગરમ પાણીના ઉપચાર વિશે વિચારીએ. ગરમ પાણીના સમજપૂર્વક ઉપયોગથી ઘણા રોગોની શાંતિ થઇ થઈ જાય છે. પ્રસિદ્ધ દવા આયોડિન જે કામ કરે છે તેમાંનું ઘણુંખરું ગરમ પાણી કરે છે. સોજો હોય ત્યાં આયોડિન લગાડે છે. તે જ જગ્યાએ ગરમ પાણીનું પોતું મૂકો તો આરામ થવાનો સંભવ છે. કાનમાં દરદ થાય તો આયોડિનનાં ટીપાં નાખે છે. ત્યાં જ ગરમ પાણીની પિચકારી મારવાથી શાંતિ થવાનો સંભવ છે. આયોડિનના ઉપયોગમાં કંઇક જોખમ છે, આમાં નથી. આયોડિન ડિસઇનફેક્ટન્ટ (જંતુનાશક) છે, તેમ જ ગરમ એટલે ઉકળતું પાણી ડિસઇનફેક્ટન્ટ છે. આનો અર્થ એમ સૂચવવાને સારુ નથી કે આયોડિન બહુ ઉપયોગી વસ્તુ નથી. એની ઉપયોગિતા વિશે મને જરાય શંકા નથી. પણ ગરીબ માણસને ઘેર તે હોતું નથી. એ મોંઘી વસ્તુ છે. ગમે તે માણસના હાથમાં મુકાય નહીં એવી વસ્તુ છે. પણ પાણી તો



બધાયને ત્યાં હોવાથી દવા તરીકે તેના ઉપયોગની અવગણના કરીએ છીએ. આ અવગણનામાંથી બચી જવું જોઈએ. આપણા ઘરમાં પડેલા ઉપાયો જાણવાથી આપણે ઘણા ભયોમાંથી ઊગરીએ છીએ.

વીંછી જેને ડંખે છે તેને જ્યારે બીજી કશી વસ્તુથી ફાયદો નથી થતો ત્યારે ડંખાયેલો ભાગ ગરમ પાણીમાં બોળવાથી ને તેમાં રાખવાથી કંઈક આરામ તો મળે જ છે.

એકાએક ટાઢ ચડે ત્યારે વરાળ આપવાથી કે દરદીની આસપાસ ગરમ પાણીવાળી બાટલીઓ ગોઠવવાથી ને બરોબર ઓઢાડવાથી તેની ટાઢ સમાવી શકાય છે. બધાની પાસે રબરની કોથળી નથી હોતી. કાચની મજબૂત બાટલી, જેને મજબૂત બૂચ હોય, તે એનું કામ આપે છે. કોઈ પણ ધાતુની બાટલી, જેને બરોબરનું બૂચ લગાડાય, તે પણ સુંદર કામ આપે છે. ધાતુની કે બીજી બાટલી બહુ ગરમ જણાય તો તેને જાડા કપડામાં લપેટવી જોઈએ.

વરાળરૂપે પાણી બહુ કામ આપે છે. પરસેવો ન આવતો હોય ત્યારે વરાળ લેવાથી તે લાવી શકાય છે. સંધિવાથી જેનું શરીર ઝલાઈ ગયેલું હોય તેને અથવા જેનું વજન બહુ વધી ગયું હોય તેને સારુ વરાળ બહુ ઉપયોગી વસ્તુ છે.

વરાળ લેવાની પુરાણી અને સહેલામાં સહેલી રીત આ છે : શણનો કે સીંદરીનો ખાટલો વાપરવો વધારે સારું છે, પણ પાટીનોય ચાલે. તેની ઉપર ચોફાળ કે કામળ પાથરીને દરદીને તેની ઉપર સુવાડવો.ઊકળતા પાણી ભરેલી બે તપેલી અથવા ઘડા ખાટલાની નીચે મૂકવા. દરદીને એવી રીતે ઢાંકવો કે જેથી તે કામળ ચોમેર ભોંયને અડકે, જેથી બહારની હવા ખાટલા નીચે ન જવા પામે. આમ લપેટ્યા પછી ઘડા કે તપેલા પરનું ઢાંકણ કાઢી લેવું એટલે દરદીને વરાળ મળશે. બરોબર વરાળ ન મળે તો પાણી બદલવાની જરૂર પડશે. બીજા ઘડામાં પાણી ઊકળતું હોય તે ખાટલા નીચે મુકવું. સાધારણ રીતે આપણામાં રિવાજ એવો છે કે, ખાટલા નીચે અંગારા મૂકે છે અને તેની ઉપર ઊકળતા પાણીનું વાસણ. આ રીતે પાણીની ગરમી જરા વધારે મળવાનો સંભવ છે, પણ તેમાં અકસ્માત થવાનો ડર રહ્યો હોય છે. એક તણખો પણ ઊડે ને કામળ કે કંઈક ચીજ બળે તો દરદીનો જાન જોખમમાં આવી પડે. એટલે ગરમી તુરત મળવાનો લોભ છોડીને મેં સૂચવેલી રીતનો ઉપયોગ કરવો.

**હવે ગરમ પાણીના ઉપચાર વિશે વિચારીએ. ગરમ પાણીના સમજપૂર્વક ઉપયોગથી ઘણા રોગોની શાંતિ થઇ થઈ જાય છે. પ્રસિદ્ધ દવા આયોડિન જે કામ કરે છે તેમાંનું ઘણુંખરું ગરમ પાણી કરે છે. સોજો હોય ત્યાં આયોડિન લગાડે છે. તે જ જગ્યાએ ગરમ પાણીનું પોતું મૂકો તો આરામ થવાનો સંભવ છે.**

કેટલાક એવા પાણીમાં વસાણાં નાખે છે. જેમ કે લીમડો. મેં એનો ઉપયોગ અનુભવ્યો નથી. પ્રત્યક્ષ ઉપયોગ તો વરાળનો છે. આ રીત તો પરસેવો લાવવાની થઈ.

જેના પગ ઠંડા થઈ ગયા હોય, પગે કળતર થતી હોય; તેવે સમયે ગોઠણ લગી પહોંચી શકે એવા ઊંડા વાસણમાં સહન થઈ શકે તેવા ગરમ પાણીમાં રાઈનો ભૂકો નાખીને પગ થોડી મિનિટ લગી બોળી રાખવા. તેથી પગ ગરમ થાય છે. કળતર શમે છે. લોહી નીચે આવે છે, એથી દરદીને સારું લાગે છે. સળેખમ થયું હોય કે ગળું આવી ગયું હોય તો કીટલીમાં ઊકળતું પાણી રાખી ગળામાં કે નાકમાં વરાળ લઈ શકાય છે. કીટલીને એક સ્વતંત્ર ભૂંગળી લગાડવાથી તે ભૂંગળી વાટે વરાળ સુખેથી લઈ શકાય છે. આ ભૂંગળી લાકડાની રાખવી. રબરની નળી લગાડીને તેને ભૂંગળીમાં લગાડવાથી વધારે સગવડ પડે છે.

# લોકોપયોગી માર્ગદર્શન



**એચ. એસ. પટેલ**
આઇ.એ.એસ.(નિ.)
સી.ઈ.ઓ., સરદારધામ

## જમીન સંપાદન અધિનિયમ ૨૦૧૩ અન્વયે કલેક્ટરના જમીન વળતરના એવોર્ડ સામે સક્ષમ સત્તાધિકારી (Authority) સમક્ષ દાવો દાખલ કરવાની જોગવાઈઓ

જાહેર હેતુ માટે જમીન / મિલકત સંપાદન કરવાનો ૧૨૦ વર્ષ જૂનો જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ની જગ્યાએ ૨૦૧૩નો નવો કાયદો પુનઃસ્થાપન, પુનઃવસન અને વ્યાજબી વળતર (Reasonable Compensation) અને પારદર્શિતા અધિનિયમ તરીકે ઓળખાય છે. આ અધિનિયમમાં જાહેર હેતુ માટે જમીન સંપાદનની પ્રક્રિયા અને વળતર નક્કી કરવાના માપદંડો અને સામાજિક અસરોને લગતી બાબતોનો સમાવેશ થાય છે. જૂના કાયદામાં જમીન સંપાદન અધિકારી જમીનનો એવોર્ડ જાહેર કરે એટલે વળતરની રકમ જૂના માપદંડો મુજબ નક્કી થતી અને એવોર્ડની સામે સિવિલ કૉર્ટમાં “લેન્ડ રેફરન્સ” દાખલ કરવામાં આવતો અને વર્ષો સુધી આવા કેસો ચાલતા એટલે નવીન કાયદામાં કોર્ટને બદલે સંપાદન અધિનિયમ – ૨૦૧૩માં ચેપ્ટર નં.૮ ઉમેરવામાં આવ્યું છે અને જેમાં અલગ સત્તાતંત્ર રચવાની જોગવાઈ કરવામાં આવી છે એટલે કે આ સત્તાતંત્ર અગાઉ “લેન્ડ રેફરન્સ” ની જોગવાઈ હતી તેના બદલે રેફરન્સ આ સત્તા મંડળ સમક્ષ કરવાનો છે. આ કાયદો અમલમાં આવ્યા બાદ ઘણા સમય બાદ રાજ્યમાં પ્રાદેશિક સત્તાતંત્રો ત્રણ ઉપસ્થિત કરવામાં આવ્યા છે. જેમાં સુરત, અમદાવાદ અને રાજકોટનો સમાવેશ થાય છે. આ પ્રાદેશિક સત્તાતંત્રમાં જે તે વિસ્તારના જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સંપાદન કાયદાની જોગવાઈઓ મુજબ જાહેર હેતુ માટે જે જમીનો સંપાદન કરવામાં આવે છે તેમાં અમુક પ્રોજેક્ટને ખાસ કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટને સામાજિક અસરોના અભ્યાસ (Social Impact) અથવા અસરોના અહેવાલ સિવાય રાજ્ય સરકાર મુક્તિ આપીને સંપાદન કરે છે. દા.ત. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, નેશનલ હાઈવે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફ્રેઈટ કોરીડોર વિગેરે આવા પ્રોજેક્ટમાં સંપાદિત થતી જમીનના ખેડૂતો પારદર્શક પ્રક્રિયાના અભાવે ગુજરાત હાઈકોર્ટમાં જાય છે અને બિનજરૂરી વિલંબ પણ થાય છે. બીજું કે અગાઉના કાયદા હેઠળ જે લેન્ડ રેફરન્સ થયેલ તે ૨૦૧૩થી સબંધિત કોર્ટોએ કાર્યવાહી કરવાનું સ્થગિત કરેલ અથવા ટ્રાન્સફર કરેલ છે અને લેન્ડ ઑથોરીટીની સમયસર રચના ન થવાને કારણે ઘણા કેસો સીધા હાઈકોર્ટમાં જાય છે. જે કોર્ટોએ લેન્ડ રેફરન્સ નવીન કાયદા પ્રમાણે સબંધિત સત્તા મંડળે ચલાવવાના છે તે અંગેના હુકમો કરી કેસો તબદીલ કરેલ છે. જેથી હવે લાંબા સમયના પડતર કેસોનો ઝડપી નિકાલ સબંધિત સત્તાતંત્રએ કરવો જરૂરી બને છે કારણ કે નવીન કાયદામાં સમયમર્યાદા છ માસની છે.

સંપાદન કાયદો – ૨૦૧૩ની જોગવાઈ મુજબ કલમ-૬૪માં સબંધિત સત્તાધિકારીએ જે કાર્યવાહી કરવાની છે તેના માપદંડો નક્કી કર્યા છે અને તેને ધ્યાનમાં લઈ કાર્યવાહી કરવાની છે. જ્યારે સંપાદન અધિકારી એવોર્ડ જાહેર કરે ત્યારે સબંધિત જમીન માલિક વળતર સ્વીકારે કે નહી પરંતુ જમીનનો કબજો લઈ શકાય છે. ફક્ત અસરગ્રસ્ત વ્યક્તિને એવોર્ડ સામે વળતર માટે દાવો કરવાનો હક્ક છે. આ જે સત્તાતંત્ર છે તેમાં સ્થાનિક સિવિલ કોર્ટને હકુમત નથી અને આ સત્તાતંત્રનો (Authority) પ્રમુખ અધિકારી જેની લાયકાત જિલ્લા ન્યાયાધીશ હોય કે સાત વર્ષથી ઓછી ન હોય તેવા કાનૂની વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિમાંથી કરવાની છે અને આ નિમણૂક સબંધિત વિસ્તારમાં જે સત્તાતંત્ર સ્થાપવાનું હોય તેમાં હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિના પરામર્શમાં આ નિમણૂકો કરવાની છે અને આ સત્તાતંત્રને સિવિલ કોર્ટ સમકક્ષ બધી જ સત્તાઓ હોય છે જેમાં સમન્સ બજાવીને હાજર થવાની, પુરાવા રજૂ કરાવવાની, કોઈપણ જાહેર રેકર્ડ મંગાવવાની, સાક્ષીઓને તપાસવાની, કમિશન નિયુક્તિ કરવાની તેમજ પોતાના નિર્ણયો, હુકમોનું પુનરાવલોકન (Review) કરવાની સત્તા છે. આમ



સત્તાતંત્ર સમક્ષ ચાલતી કાર્યવાહી ન્યાયિક પ્રકારની (Judicial Proceeding) છે અને આ સત્તાતંત્રના તમામ અધિકારીઓને જાહેર સેવકની વ્યાખ્યામાં ગણવામાં આવ્યા છે.

હવે આ સત્તાતંત્રને Reference દાવો કઈ રીતે કરી શકાય તે અંગે કલમ-૬૪માં જે જોગવાઈ કરી છે તે મુજબ એવોર્ડનો સ્વીકાર જે વ્યક્તિ ન કરે તેમણે કલેક્ટરને તેની સામે વાંધા સ્વરૂપે અરજી કરવાની છે અને આવી અરજી મળ્યેથી ૩૦ દિવસની અંદર સત્તાતંત્રને અરજી કલેક્ટરશ્રીએ મોકલવાની છે. પરંતુ કલેક્ટરશ્રી આ સમયમર્યાદામાં સત્તાતંત્રને રેફરન્સ ન કરે તો, અરજદાર સીધે સીધા સત્તાતંત્રને અરજી કરીને ૩૦ દિવસમાં આવો સંદર્ભ (Reference) કરવા માટે કલેક્ટરને સૂચના / નિર્દેશ કરવાની વિનંતી કરતી અરજી કરી શકાય છે. વધુમાં અરજદારે એવોર્ડ સામે જે વાંધો લીધો હોય તેનાં કારણો આપવા જરૂરી છે અને અરજી કરનાર વ્યક્તિ જો સંપાદન અધિકારી (કલેક્ટરે અધિકૃત કરેલ અધિકારી) અથવા કલેક્ટરે એવોર્ડ જાહેર કર્યો હોય તે સમયે જાતે અથવા તેના અધિકૃત પ્રતિનિધિ હાજર હોય તો કલેક્ટરે કરેલ એવોર્ડની તારીખથી છ અઠવાડિયામાં અરજી કરવાની છે અથવા તો કલમ-૨૧ એટલે કે સંપાદિત થતી જમીનના પક્ષકારને જમીનનો કબજો લેવા માટેની નોટિસ મળ્યા પછી છ અઠવાડિયામાં અથવા કલેક્ટરના એવોર્ડથી છ મહિના એ બેમાંથી જે વહેલું હોય તે મુદ્દતની અંદર અરજી કરવાની છે. આ ઉપરાંત કલેક્ટરને જુદા જુદા કારણો / પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સંતોષ થાય કે સબંધિત પક્ષકાર કાબુ બહારના સંજોગોને કારણે સમયમર્યાદામાં અરજી નથી કરી શક્યા તો, પર્યાપ્ત સંજોગોને ધ્યાનમાં લઈ આવો સમયગાળો પૂરો થયા પછી પણ એક વર્ષના સમયગાળા સુધી આવી અરજી ધ્યાનમાં લઈ શકાય. આ અંગે લેખિત અરજી કાયદાકીય જોગવાઈ મુજબ ફરજિયાત છે, જે વ્યક્તિ કે વ્યક્તિઓએ વળતર લેતી વખતે વાંધો લીધો ન હોય તો તે વ્યક્તિ કે વ્યક્તિઓ રેફરન્સ માટે અરજી કરી શકશે નહી એટલે કે, જ્યારે એવોર્ડ થયા બાદ વળતરની રકમ ચૂકવવામાં આવે ત્યારે સબંધિત હિત ધરાવતા વ્યક્તિ દ્વારા રાજીખુશીથી અથવા સ્વેચ્છાએ વળતરની રકમ સ્વીકારી લે અને વાંધો ન લે તો રેફરન્સ કરી શકે નહી, વધુમાં આ લેન્ડ રેફરન્સ ફક્ત વળતરની રકમ માટેની દાદ આપતી જોગવાઈ છે એટલે સંપાદનની પ્રક્રિયાને પડકારી શકાય નહી અને સત્તાતંત્રનું પણ કાર્યક્ષેત્ર નથી. આ ઉપરાંત કાયદેસરનો એવોર્ડ જાહેર કરેલ હોવો જોઈએ અને હિત ધરાવતા વ્યક્તિ તરીકે એવોર્ડ સ્વીકારેલ ન હોય તે અરજદાર હોવો જોઈએ એટલે કે ત્રાહિત વ્યક્તિ ન કરી શકે, વધુમાં જે લેન્ડ રેફરન્સ કરવાનો છે. તેમાં અરજદાર દ્વારા જે મુદ્દા ઉપસ્થિત કરવાના છે અથવા જે અંગે લેન્ડ રેફરન્સ કરવાપાત્ર છે. જેમાં સંપાદિત થતી જમીનના માપણી અંગે વાંધા એટલે કે ક્ષેત્રફળ બાબતે, વળતરની રકમ માટેનો વાંધો, વળતર કોને આપવાનું છે. તે વિષે વાંધો કે વળતરની ફાળવણી વિશે વાંધો હોય તે દર્શાવવું જરૂરી છે, કારણ કે ઘણી વખત, રેકર્ડ ઉપર ફક્ત મુખ્ય જમીન માલીકનું નામ હોય અને સહ હિસ્સેદારો તરીકે હિત ધરાવતા પક્ષકારો અન્ય હોઈ શકે છે. દા.ત. ભાઈઓ વચ્ચેનો હિસ્સો, આ ઉપરાંત કાયદામાં જે સમયમર્યાદા નિયત કરવામાં આવી છે તે મુદ્દતમાં અરજી કરવાની થાય છે. સંપાદન અધિનિયમ-૨૦૧૩માં અગાઉના કાયદાના લેન્ડ રેફરન્સના બદલે સત્તાધિકારી (Authority) તરીકેનું અલગ સત્તાતંત્ર ઉપસ્થિત કરેલ હોય અને સંપાદિત થતી જમીનના માલીકો અને જન સમુદાય માટે અગત્યની બાબત હોય. આ સત્તાતંત્રના કાર્યક્ષેત્ર અને ફરજો અંગે આગામી લેખમાં વિવરણ કરીશું.

જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩માં જે વિશિષ્ઠ બાબતો છે તેમાં વ્યાજબી વળતર, પારદર્શકતા, પુનઃવસવાટ અને પુનઃસ્થાપન અધિકાર સ્વરૂપે કાયદાકીય જોગવાઈઓનો સમાવેશ થાય છે. જે અગાઉના જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪માં ન હતી. આ કાયદામાં જાહેર હેતુની વ્યાખ્યા પણ બૃહદ સ્વરૂપે આપવામાં આવી છે. ખાનગી ઉદ્યોગગૃહો કે ખાનગી સંસ્થાપનો માટે જાહેર હેતુ ગણવામાં આવ્યો નથી. આપણે ગયા લેખમાં વળતરના એવોર્ડ સામે અગાઉના કાયદામાં જે સિવિલ કોર્ટોમાં લેન્ડ રેફરન્સ કરવામાં આવતો તેના બદલે અલગ સત્તાતંત્ર સમક્ષ લેન્ડ રેફરન્સ થઈ શકે તે જોગવાઈઓનું આલેખન કરવામાં આવેલ, હવે આ રેફરન્સમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય તેમજ સત્તાતંત્રએ શું કાર્યવાહી કરવાની છે અને જે એવોર્ડ રેફરન્સ અન્વયે જાહેર કરવામાં આવે તેમાં શું જોગવાઈઓ છે. તે અંગે વિવરણ કરીએ છીએ. સંપાદન અધિનિયમની કલમ-૬૪ પ્રમાણે કલેક્ટરના એવોર્ડ સામે રેફરન્સમાં શું મુદ્દાઓ હોવા જરૂરી છે, તો કલમ-૪૦(૭) કે જે તાકીદના કેસોમાં (Urgency Clause) જમીન સંપાદન કરવામાં આવે તેમાં પાક, વૃક્ષો અને નુકસાન સહિત સંપાદન કરવામાં આવેલ, ખરેખરા વિસ્તાર એટલે કે ક્ષેત્રફળ, દરેક પ્રતિસ્પર્ધી એટલે કે હિત ધરાવતા પક્ષકાર પૂરેપૂરી રકમનો દાવો કરતા હોય ત્યારે એવોર્ડની એકંદરે કુલ રકમ કોને આપવી તે, હંગામી ભોગવટા દરમ્યાન થયેલ નુકસાન, મૂડી રોકાણ, કોઈ જમીન કારખાના કે ઘરનો ભાગ છે તેમજ તે અંગેના વિવાદો વિગેરેનો સમાવેશ થાય છે. એવોર્ડની નકલ સામાન્ય રીતે હિત ધરાવતા પક્ષકારને આપવામાં આવે છે. પરંતુ તે અંગે કોઈ ફી લેવાની નથી. આમ તો રેફરન્સ કરતી વખતે એવોર્ડની નકલ

ફરજીઆત રજૂ કરવી જરૂરી નથી. ફક્ત તેની હકિકતો જણાવવાની છે અને રેફરન્સની કાર્યવાહી દીવાની દાવા પ્રકારની છે અને સત્તાતંત્રને દીવાની કૉર્ટની સમકક્ષ ગણવામાં આવે છે. વધુમાં રેફરન્સ કરતાં પહેલાં કલેક્ટર સમક્ષ રજૂઆત છ અઠવાડિયાની સમયમર્યાદામાં કરવાની હોય છે અથવા અમુક શરતોનું પાલન કરવાનું હોય છે. પરંતુ કલેક્ટર રેફરન્સ કરવાનું નકારે તો સત્તાતંત્ર સમક્ષ સીધેસીધા અરજી કરી શકાય છે અને સત્તાતંત્ર તમામ પાસાં ચકાસીને કલેક્ટરને રેફરન્સ કરવાની ફરજ પાડી શકે છે. જે રેફરન્સ કરવામાં આવે તેમાં સત્તાતંત્ર પોતે કાર્યવાહી કરવા માટે બંધાયેલ હોય તે રેફરન્સ રીમાન્ડ કરી શકે નહી. પરંતુ તેનો એવોર્ડ કરી નિકાલ કરવો જરૂરી બને છે.

હવે સત્તાતંત્રએ (Authority) શું કાર્યવાહી રેફરન્સ અન્વયે કરવાની છે તે અંગેની જોગવાઈઓ કલમ-૬૬માં આપવામાં આવી છે તે અન્વયે અરજદારને તેમજ વાંધો લીધેલ હોય તેવી તમામ હિત ધરાવતા પક્ષકારોને અને જમીનના ક્ષેત્રફળ અને વળતરની સબંધમાં હોય તો કલેકટરને સત્તાતંત્ર નોટિસ આપશે અને જરૂર જણાયે અરજદાર વકીલ રોકીને પણ રજૂઆત કરી શકે છે. સત્તાતંત્ર દ્વારા વળતરનો એવોર્ડ એટલે કે રેફરન્સના મુદ્દા નક્કી કરતી વખતે અધિનિયમની કલમ-૨૬ થી ૩૦માં વળતરના જે માપદંડો નક્કી કરવામાં આવ્યા છે તે કલેક્ટર દ્વારા અનુસરવામાં આવ્યા છે કે કેમ તે વિચારણામાં લેવામાં આવશે. જેમાં જાહેરનામાની પ્રસિધ્ધિની તારીખે જમીનની બજાર કિંમત, કલેક્ટરે જમીનનો કબજો લેતી વખતે તેના ઉપર ઊભો પાક હોય અથવા ઝાડ લઈ લેવાથી હિત ધરાવતી વ્યક્તિઓને થયેલ નુકસાન, જમીનનો કબજો લેતી વખતે મૂળ કબજેદારે ધારણ કરેલ જમીન અલગ પાડવાને કારણે હિત ધરાવતી વ્યક્તિને થતુ નુકસાન, જમીન સંપાદન થવાથી હિત ધરાવતી વ્યક્તિની બીજી જંગમ કે સ્થાવર મિલ્કતને અથવા તેની આવકને હાનિકારક રીતે અસર પહોંચતી હોય તો તે નુકસાન, જમીન ઉપર ગણોતીયો હોય અને તેના હક્કને થતું નુકસાન, જમીન સંપાદન કર્યાના પરિણામે હિત ધરાવતી વ્યક્તિને પોતાનું રહેઠાણ કે ધંધાનું સ્થળ બદલવાની જરૂર પડે તે બદલવા માટે થયેલ આનુસાંગિક ખર્ચ જે કોઈ હોય તે, જાહેરનામું પ્રસિધ્ધ થાય અને કબજો લીધો હોય તે વચ્ચેના સમયગાળામાં જમીનમાંથી થતો નફો ઘટી જાય તો તે અંગે નુકસાન, રાજ્ય સરકારના નિયંત્રણ કે મર્યાદિત સત્તા પ્રકારની જમીન હોય તો જે જમીન સંપાદન કરવામાં આવી હોય ત્યારે જે જમીનની બજાર ભાવે થતી હોય તે કિંમત વિચારણામાં લેવી જરૂરી છે. અગાઉ ૧૮૯૪ના કાયદામાં એવોર્ડની રકમ ઉપર ૩૦% (Solatium) દિલાસા વળતર આપવામાં આવતું તેના બદલે ૨૦૧૩ના કાયદામાં ૧૦૦% Solatium આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આમ સત્તાતંત્ર દ્વારા નિર્ણય કરતી વખતે આ તમામ બાબતો ધ્યાનમાં લેવાની છે.

સત્તાધિકારીએ કલમ-૭૦ હેઠળ જે એવોર્ડ ચુકાદો આપવાનો છે તે સત્તાતંત્રના પ્રમુખ અધિકારીએ (Presiding Officer) લેખિતમાં આપવાનો છે અને આ એવોર્ડ દીવાની કાર્યરીતિ તરીકે ગણાશે. હુકમનામામાં વળતરની બજારકિંમત ઉપરાંત જાહેરનામાની પ્રસિધ્ધિની તારીખથી એવોર્ડ જાહેર થયો હોય તે તારીખ અને કબજો લીધાની તારીખ એ બે જે વહેલું હોય તે તારીખ સુધીની મુદ્દત માટે બજારકિંમત ઉપર વાર્ષિક ૧૨%ના દરે ગણતરી કરેલ રકમ આપશે. કલેક્ટરે મંજૂર કરેલ એવોર્ડ ઉપરાંત સત્તાતંત્ર દ્વારા વધારાની રકમ એવોર્ડ માં મંજૂર કરેલ હોય તો તેટલી વધારાની રકમ ઉપર વાર્ષિક ૯% દરે વ્યાજની રકમ કલેક્ટરે કબજો લેવામાં આવે તે તારીખથી વધારાની ચૂકવણી થઈ તે તારીખ સુધી ચૂકવવાની રહેશે. જ્યારે વધારાની રકમ એક વર્ષ સુધી ચૂકવાઈ ન હોય તો તેવા કિસ્સામાં વ્યાજનો દર ૧૫% રહેશે. આમ સત્તાતંત્રના હુકમ સામે રાજ્ય સરકાર તેમજ સબંધિત પક્ષકાર પણ હાઈકોર્ટમાં જઈ શકે છે. પરંતુ સત્તાતંત્રના નિર્ણયથી કલમ-૭૪માં જણાવ્યા પ્રમાણે ૬૦ દિવસમાં અપીલ કરવાની જોગવાઈ છે. પરંતુ હાઈકોર્ટને સંતોષ થાય તો ૬૦ દિવસ બાદ પણ અપીલ દાખલ કરી શકે છે. આમ ઉપર્યુક્ત જોગવાઈઓ જોતાં સ્પષ્ટ થાય છે કે અગાઉના ૧૮૯૪ના કાયદામાં જે વળતર ચૂકવવાની કે નક્કી કરવાની જોગવાઈઓ હતી, તેના બદલે ૨૦૧૩ના કાયદામાં દરેક જમીન / મિલકત ધારકને પ્રવર્તમાન બજાર કિંમત વાજબી અને વાસ્તવિક રીતે વળતર મળે તેમજ જમીન ગુમાવવાના બદલામાં Solatium દિલાસા વળતર તેમજ પુનઃવસવાટ સહિતની જોગવાઈઓ છે અને પારદર્શક સ્વરૂપે કાનૂની કાર્યવાહી અનુસરવાની જોગવાઈઓ છે જે સંપાદિત થતી જમીનના કબજેદારો / માલિકો માટે ઉપયોગી છે. દરેક જમીન માલિકોએ એ જોવાનું છે કે તેઓની જમીન જાહેર હેતુ માટે સંપાદન થાય છે તે વિકાસની પ્રક્રિયાના ભાગરૂપે આંતરમાળખાકીય સુવિધાઓ નાગરિકોને ઉપલબ્ધ કરવા માટે છે, સાથે સાથે જમીન માલિકનું હિત જળવાય અને તેનું નિર્વહન પણ સુનિશ્ચિત કરવાની જવાબદારી પણ સંપાદક અધિકારીઓની છે.

"ઉપસ્થિત કરેલ પ્રાદેશિક સત્તામંડળો તાત્કાલિક કાર્યાન્વિત થાય તે સમયની માંગ"

"સૌ જમીન / મિલ્કત ધારકોએ જમીન સંપાદનની કાર્યવાહી પારદર્શક સ્વરૂપે હાથ ધરાય તેની જાણકારી જરૂરી"



પદ્મશ્રી ગુણવંત શાહ
ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત કટાર લેખક

# વૃક્ષાલોક

યુકેલિપ્ટસના ત્રણેક માળ જેટલા ઊંચા ઝાડ પર એક કાગડો બેસે ત્યારે એની નાજુક ડાળી પર સવાર થયેલું આખું આકાશ ક્યાંય સુધી ઝૂલતું રહે છે. ઘડીભર કાગડાને લાગવા માંડે છે કે પોતે કંઈક છે. થોડીકવારમાં આ ઝાકમઝોળ માણી લીધા પછી કાગડો ઊડી જાય ત્યારે ઝૂકી પડેલી ડાળીએ વળગેલું આકાશ ફરી ઝૂલવા માંડે છે. યુકેલિપ્ટસની ડોલનશૈલી એની ઉંચાઈને કારણે જુદી પડી આવે છે. વાયરો જ્યારે હાંફળોફાંફળો બની જાય ત્યારે આખું ઝાડ ડોલવા માંડે, તેને કારણે ડાળીઓ ઝૂમતી રહે અને વળી વાયરાના સીધા સ્પર્શે ડાળીઓ પોતીકો લય પ્રાપ્ત કરે તે વધારામાં ! આમ એક વૃક્ષ પર વાયરાની વૃતિને કારણે વિશિષ્ટ લયલીનતા સર્જાય ત્યારે કાગડો ક્યાંકથી આવીને વળી એને નવો જ આયામ આપે છે. કલાકો સુધી હું આવી પરમ લયલીનતાને નીરખી રહું છું.

માણસ જંગલ છોડીને દૂર ચાલી નીકળ્યો. હવે એ ક્યારેક પાછું ફરીને જુએ છે ત્યારે એને સમજાય છે કે જંગલ તો બહુ પાછળ રહી ગયું. વન તો છૂટી ગયું; પણ



વગડા દ્વારા હજી એણે વન સાથેનું અનુસંધાન જાળવી રાખ્યું છે. શહેરમાં રહેતા માણસે તો વગડા સાથેનું સગપણ પણ ગુમાવ્યું છે. માણસ અને વૃક્ષલોક વચ્ચેનો સંબંધ ખોરવાતો જાય છે. એડમંડ બ્લુન્ડેનનું એક વાક્ય આ ખોરવાતા સંબંધને કારણે આપણા મનમાં ચાલતી ગડમથલને આબાદ રજૂ કરે છે : ‘I am for the woods against the World, but are the woods for me ?’ આપણે તો દુનિયાનો સામનો કરીને વગડાની તરફેણ કરીએ પણ વગડો હવે આપણને ગણે ખરો ? વૃક્ષલોક સાથેનો આપણો સંબંધવિચ્છેદ (એલિયનેશન) થતો રહે એમાં ગુમાવવાનું કોને ?

વૃક્ષલોકની તૃણસૃષ્ટિ, પર્ણસૃષ્ટિ, પુષ્પસૃષ્ટિ અને ફલસૃષ્ટિ સાથેનો આપણો સીધો સંબંધ ઘટતો રહ્યો છે. આપણે કેળું ખાઇએ છીએ પણ કેળ સાથે હવે આપણને ઝાઝી લેવાદેવા નથી. હવે આપણને કેરીમાં રસ છે, આંબામાં નહીં, પશ્ચિમના દેશોમાં બાળકો માત્ર બ્રેડ ઓળખે; એમને ઘઉં સાથે અને વળી ઘઉંના ખેતર સાથે કોઇ સંબંધ નહીં, વસ્ત્ર પહેરનારને કપાસ સાથે કે પછી કપાસનાં ફૂલ કે જીંડવા સાથે કોઈ પરિચય નહીં. તૃણસૃષ્ટિની અધિષ્ઠાત્રી કંસારી (ગ્રાસ-હૉપર) ગણાય. પર્ણસૃષ્ટિનો ખરો પરિચય પક્ષીઓને હોય છે. પુષ્પસૃષ્ટિમાં પતંગિયાનું વર્ચસ્વ જળવાઇ રહે છે. માણસને ખરો રસ માત્ર ફલસૃષ્ટિમાં. એ તો કોયલે ડાફું માર્યું હોય એવી એંઠી કેરીનેય છોડતો નથી; વૃક્ષલોકની આ ચારે સૃષ્ટિમાં ભેલાણ કરવાનો અબાધિત અધિકાર માણસ ભોગવતો રહ્યો છે. વૃક્ષલોક વગર એ એક મિનિટ જીવી ન શકે અને છતાંય એ વૃક્ષો સાથે દુર્વ્યવહાર કરે છે. વૃક્ષલોકના આભિજાત્યનો આદર કરવાનું હજી એને આવડ્યું નથી. આપણા આયુર્વેદાચાર્યો ઔષધિ માટે કોઈ છોડનો ઉપયોગ કરતા ત્યારે અગાઉથી એ છોડની પ્રાર્થનાયુક્ત માફી માગતા અને કહેતા કે, ‘માનવજાતના ભલા માટે હું તમારો ઉપયોગ કરી રહ્યો છું અને ઉખેડી રહ્યો છું’ શ્રી બાપાલાલ વૈદ્યે તો મને ત્યાં સુધી જણાવેલું કે આગલે દિવસે કુમારિકા એ છોડની પૂજા કરતી અને પછી બીજે દિવસે એ છોડને ઉખેડવામાં આવતો. નાછૂટકે કોઈ વૃક્ષને ધરાશયી કરતી વખતે આપણા મનમાં કોઈ ખટકો રહે છે ખરો ? રામકૃષ્ણ પરમહંસની સંવેદનશીલતા એવી કક્ષાએ પહોંચેલી કે છોડ પરથી પૂજાનાં ફૂલ ચૂંટવાનું એમને માટે મુશ્કેલ બની ગયેલું. એક વાર બીલીપત્રની છાલ ઊખડી ગઈ ત્યારે પોતાની ચામડી ઊખડી ગઈ હોય એવી વેદના એમને થયેલી. રૉબર્ટ લેમ્બ્કે તો કહે છે કે દાંત ખોતરવાની સળી જોઈતી હોય તો તે માટે આખા વૃક્ષને ધરાશયી કરવાની વૃત્તિ આપણામાં રહેલી છે.

> **માણસ જંગલ છોડીને દૂર ચાલી નીકળ્યો. હવે એ ક્યારેક પાછું ફરીને જુએ છે ત્યારે એને સમજાય છે કે જંગલ તો બહુ પાછળ રહી ગયું. વન તો છૂટી ગયું; પણ વગડા દ્વારા હજી એણે વન સાથેનું અનુસંધાન જાળવી રાખ્યું છે. શહેરમાં રહેતા માણસે તો વગડા સાથેનું સગપણ પણ ગુમાવ્યું છે.**

ખેતરના શેઢા પર ઊગેલું મંજરિયાળું ઘાસ અને એ ઘાસ પર આળોટતો લયલ્હેરિયો વાયરો ! ઘડીભર ત્યાં સમડીના ઝાડ નીચે બેઠેલા કવિનેય કવિતા લખવાનું પડતું મેલીને વાયરા અને ઘાસ વચ્ચે ચાલ્યા કરતી ગૂફ્તેગો સાંભળવાનું મન થાય. સૂકા ઘાસનું અને બળતી બપોરનુંય પોતીકું સૌંદર્ય હોય છે. બપોરની બળતરા તો બસ એક જ ટહુકો સંભળાય એટલે ગાયબ ! ઘાસ ભલે ને સૂકું ભટ હોય, પણ પવનમાં ડોલતી મંજરીની કુમાશ વાયરાને વિહ્વળ બનાવી શકે એટલી કામણગારી હોય છે. સૂકું ઘાસ પણ વાયરાને ચાળે ચઢે ત્યારે જ ધ્વનિ પેદા થાય તે સાંભળવા માટેની નિરાંત જેની પાસે ન હોય તેણે વગડામાં જવાનું ટાળવું જોઇએ.

ઘાસનું પ્રત્યેક તૃણ તંતુવાદ્ય બની રહે ત્યારે એકધારો ખરજ (ષડ્જ) સાંભળવા મળે. ઘાસમાં વાયરા ભેગી અટવાતી કંસારી (ગ્રાસહૉપર) તૃણનું તંતુવાદ્ય આખો દિવસ સાંભળતી રહે છે અને રાત્રે પોતાનું સંગીત શરૂ કરે છે. અંગ્રેજીમાં એક વિચિત્ર શબ્દ છે, Grass-Widow. જેનો પતિ નજીકમાં હાજર નથી એવી પત્ની (પ્રોષિતાભર્તુકા?) ને ગ્રાસ-વિડો કહે છે. આવો શબ્દ શી રીતે વપરાશમાં આવ્યો તે જ મને તો નથી સમજાતું. ક્યારેક થાય છે કે પ્રત્યેક શબ્દ માટે, કુળનાં મૂળ શોધવાની જરૂર પણ શી છે ? એ કામ નવરા ભાષાશાસ્ત્રી પર છોડી દઈએ. તો જ તૃણનાં તંતુવાદ્યના સ્વર સાંભળવાની ફુરસદ પ્રાપ્ત થાય.

માણસે ઘાસ પ્રત્યે ભારોભાર ઉપેક્ષાભાવ સેવ્યો છે. 'ફોગટમહેનત કરવી 'કે પછી ' લેખામાં ન લેવા જેવું તુચ્છ કામ કરવું' એ માટે ' ઘાસ કાપવું' શબ્દો પ્રયોજાયા છે. ' ઘાસ ખવડાવવું' એટલે ' અપમાનિત કરવું'. 'ઘાસ ખાવું' એટલે 'પશુની માફક વર્તવું' આમ 'ઘાસ' સાથે તુચ્છતાનો ભાવ જોડાઇ ગયો છે. જે જમીનમાં ઘાસ ઊગે તે જમીનની પ્રતિષ્ઠા પણ ક્યારેક ઓછી આંકવામાં આવે છે. ચીને આક્રમણ કરીને આપણા દેશની જે ભૂમિ પર કબજો કર્યો તે અંગે એમ કહેવાયું કે, એ ભૂમિ પર તો 'ઘાસ પણ' નથી ઊગતું. આમ જાણે વનસ્પતિસૃષ્ટિની વર્ણપ્રથામાં ઘાસ અંત્યજનો દરજ્જો ભોગવતું હોય એવી છાપ ઊભી થવા પામે છે. કદાચ તેથી ગામેગામ ગોચરની ઉપેક્ષા થતી રહે છે. આંબાવાડીની ઉપેક્ષા નહીં થાય, ગોચરની થઇ શકે. ગોચર ખરેખર શું છે ? તે જોવા માટે ત્રીજી આંખ હોય તો એ દૂધનું તળાવ છે એવું સમજાઇ જાય. આજની દુનિયામાં એરપોર્ટનું જે સ્ટેટસ હોય તે ગોચરનું નથી હોતું. નેપાળના એરપોર્ટનું નામ 'ગોચર' છે. ગામના ગોચરની સંભાળ જ્યારે એરપોર્ટ જેટલી લેવાશે ત્યારે જરૂર આ દેશમાં ઘી-દૂધની નદીઓ વહેશે.

આ પૃથ્વી પર જીવસૃષ્ટિના ઉદ્‌ઘાટન વખતે જે મૂળાક્ષરો લખાણા તે હજી ઘાસ તરીકે સચવાયા છે. સાવ અનાયાસ ગમે ત્યાં ઊગી નીકળતું ઘાસ માણસની માવજત નથી પામતું. ઘણુંખરું માણસ ઘાસના સંપર્કમાં એને વાઢવાને બહાને જ આવતો હોય છે. ઘાસ અને માણસનો મેળાપ દાતરડું કરાવતું હોય છે. આ દાતરડું તો, સામ્યવાદના લાલ વાવટામાં ક્રાંતિનું પ્રતિક બની રહ્યું. ઘાસને વાઢનારું દાતરડું ઊંચી પ્રતિષ્ઠા પામ્યું પરંતુ



ઘાસની પ્રતિષ્ઠા તો હતી તે જ રહી ! ધરતીની જિજીવિષા અત્યંત સહજ રીતે ઘાસ મારફત પ્રગટ થાય છે. ઊંચા પર્વતના ખડકાળા ઢાળ પર બાઝેલા માટીના થર પર ઊગેલું ઘાસ જોવા મળે ત્યારે ઘડીભર થાય કે પથ્થર પણ આપણે માનીએ એટલો નિર્જીવ નથી હોતો. ચોમાસામાં એક બાબત જોવા મળે છે. ડામરની સડકની ધાર સુધી તો લીલું ઘાસ ઊગેલું હોય જ પણ એ સડકમાં ક્યાંક ગાબડું પડેલું હોય કે ફાટ રહી ગયેલી હોય તો તેમાંથી લીલું તૃણ ડોકું બહાર કાઢે ત્યારે સમજાય છે કે આ ધરતીને લોકો માતા કેમ કહે છે. ક્યાંક જમીનદોસ્ત થઈ ગયેલા ઘરની વંડી પર પણ વર્ડ્સ્વર્થની પંક્તિઓનું સ્મરણ કરાવતું ઘાસ ઊગેલું હોય છે. અગાશી પર વરસાદ પડે ને એક ખૂણે માટીનો થર જામે ત્યારેય ત્યાં ઘાસ ઊગેલું જોવા મળે.

આબોહવા અને ભૌગોલિક વિશિષ્ટતાઓ પ્રમાણે દેશદેશની, પ્રાંતપ્રાંતની ખેતીની ફસલ કે વાડીની નીપજ બદલાય પણ ઘાસ તો બધે જ ઊગવાનું; ક્યાંક રણમાં પણ. જમીન પર છવાઈ જતી વનસ્પતિસૃષ્ટિમાંથી સૌથી વધારે સાર્વત્રિક એવી કોઈ ઘટના હોય તો તે છે, ઘાસઘટના.

**આબોહવા અને ભૌગોલિક વિશિષ્ટતાઓ પ્રમાણે દેશદેશની, પ્રાંતપ્રાંતની ખેતીની ફસલ કે વાડીની નીપજ બદલાય પણ ઘાસ તો બધે જ ઊગવાનું; ક્યાંક રણમાં પણ. જમીન પર છવાઈ જતી વનસ્પતિસૃષ્ટિમાંથી સૌથી વધારે સાર્વત્રિક એવી કોઈ ઘટના હોય તો તે છે, ઘાસઘટના.**

સૂકા ઘાસની એક પૂળી જોઈને ભાગ્યે જ એવો વિચાર આવે કે કાંઇ નહીં તો પા લીટર દૂધ કે પછી એકાદ લીટર છાશ કે પછી દસ ગ્રામ માખણ કે પછી માવાના એક નાના પેંડા માટેનો કાચો માલ છે. એક ગાય એટલે આવા કાચા માલનું રૂપાંતર કરી આપનારી દિવ્ય યોજના. આવી ગાયને કતલખાને મોકલનારો માણસ ઘાસનો મહિમા સમજે એ શક્ય ખરું ? ખેતરને શેઢે ઊગેલું મંજરિયાળું ઘાસ જુએ, ઘાસનું સંગીત સાંભળે અને ગાયની ગમાણમાં પડેલા ઘાસની અનોખી ગંધ માણે તો કદાચ માણસ ઘાસઘટનાનું સૌંદર્ય પામે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી સામેના કેશિયાના વૃક્ષ સાથે માયા બંધાઈ ગઈ છે. એક દિવસ કોકના ઘરના આંગણામાં શીળો પાથરતી એની બે ડાળીઓને ઘચ દેતાક ને કાપી નાખવામાં આવી. વૃક્ષ બાંગું બની ગયું. એ લોહીલુહાણ ન થાય એટલે એની દયા પણ કોણ ખાય ! બીજી બાજુની ડાળીઓ ન કપાણી એટલે એક બાજુના ભારથી એ નમી ગયું. આટલું ઓછું હોય તેમ સુરત-સૌરાષ્ટ્રને દરિયાકાંઠે પ્રચંડ વાવાઝોડું ફૂંકાયું. છેક રાતે દોઢ વાગ્યા સુધી પ્રચંડ ઝંઝાવાત સામે એ વૃક્ષને ટક્કર લેતું જોતો હું ઓટલે બેસી રહ્યો.' ભૂગોલાર્ધે ' પાયની ઠેક લેતો, નિહારિકાના સલિલે ખેલનારો' રુદ્રમય 'નિશિથ' નર્તને ચઢ્યો હતો. સદ્ભાગ્યે વિદ્યુતપ્રવાહ ખોટકાઈ જવાને કારણે ફળિયામાં અંધારું છવાઈ ગયું હતું. ઊંચું આસોપાલવ (પેન્ડોલા) જાણે હમણાં જ મૂળસોતું ઊખડી પડશે એમ લાગતું હતું. એ ચોગરદમ વળ ખાઈને નમી રહ્યું હતું. લાઓ ત્ઝુ આવા નમ્ર, કુમળા અને લચીલા વૃક્ષત્વનો પૂજારી હતો. જો વૃક્ષ અણનમ, બરડ અને અક્કડ હોત તો ક્યારનુંય ભોંયભેગું થઈ ગયું હોત. એક મિત્રે શહેરોમાં અને ખાસ કરીને શહેરની સોસાયટીઓના બંગલાઓ આગળ ઝૂમતા ઊંચા, પાતળા અને ઘટા વગરના આપોપાલવ (પેન્ડોલા)ની સરખામણી પ્રમાણમાં નીચા, ઘટાદાર-ભરાવદાર આસોપાલવ સાથે કરેલી. પેન્ડોલા ઊંચું ખરું પણ એની છાંયડીમાં કોઇ ન સમાય. શહેરીકરણ અને શહેરી મનોવૃત્તિ વચ્ચે આવા સીધા, ઊંચા, ઘટા વગરના આસોપાલવનો મેળ આબાદ બેસે તેમાં શી નવાઇ !

અંધારું ઘનઘોર ન હતું. આકાશી ઉજાસમાં

વૃક્ષોની ડોલતી આકૃતિઓ જોતો રહ્યો અને પવનના ધમપછાડા માંડ શાંત પડે ત્યારે મંદ્રગાન સાંભળતો રહ્યો. પાછલી રાત્રે 'નિશીથ' પોતાનું રુદ્ર-રમ્ય સ્વરૂપ સંકેલીને ' શાંતમના તપસ્વી ' બની રહ્યો. ઉમાશંકરે' નિશીથ' નાં આવા બે સ્વરૂપો નિરૂપ્યા પછી છેવટે પોતાના કાવ્યમાં એને ' ઉષાના વૈતાલિક' તરીકે બિરદાવ્યો છે. સવાર તો પડી પણ પક્ષીઓનો કલરવ ઝાઝો ન સંભળાયો. એમનો જીવનનો લય તૂટ્યો હશે તેથી એમ થયું હશે ? પવનનો લય તૂટે અને ક્યાંક વહાણો ડૂબી જાય છે; વૃક્ષો ઢળી પડે છે અને છાપરાં ઊડીને નીચે પડે છે. વાવાઝોડાને પણ કેંદ્ર હોય છે અને વળી એ કેંદ્ર ખસતું રહે  તે અંગેની માહિતી વેધશાળા આપે છે. જીવનકેંદ્ર વિષે કોઇ જ મીહિતી ન હોય ત્યારે લય ખોરવાતો રહે છે. લયની સભાનતા ન હોય ત્યાં એ ખોરવાય તે ખટકે પણ ક્યાંથી ! ક્યારેક આસપાસ સર્વત્ર વ્યાપ્ત એવા પરમ લય સાથે મારી અંદરના લુપ્તપ્રાય લયનું અનુસંધાન ખોળવા મથું છું. કહે છે : ' નકશાહુકમ ઈમારત ચલે', વૃક્ષ ચલે નિજલીલા.' આપણી ઈમારતવૃત્તિ આપણામાં રહેલી વૃક્ષવૃત્તિને સતત આંતરતી રહે છે. જીવનમાં નકશાપ્રેમ, હુકમપ્રીતિ અને ઘટમાળની ગુલામી વધતી જાય છે. ફળિયામાં એક વૃક્ષ કપાઈ મરે કે ઊખડી પડે ત્યારે કોઈ શોકસભા નથી બોલાવતું. એક ખખડધજ મકાન તૂટી પડે તો આખા શહેરમાં ચકચાર થાય છે, જયારે એક વૃક્ષ ઢળી પડે એને તો બનાવનો દરજ્જો પણ માંડ પ્રાપ્ત થાય. મકાનને લય સાથે નહીં, નકશા-હુકમ સાથે લેવાદેવા હોય છે. ક્યારેક મકાનમાં રહેનારનું પણ એવું જ હોયછે.





## P2P નેટવર્ક

GPBO દ્વારા પ્રસ્થાપિત P2P ઓનલાઈન બિઝનેસ નેટવર્ક ગામથી લઈને શહેર અને દેશ-વિદેશના તમામ પાટીદાર ઉદ્યોગકારો માટે નેટવર્કિંગનું શ્રેષ્ઠ માધ્યમ બની રહેશે. જેમાં નાના વ્યાપારીઓથી લઈને મોટા ઉદ્યોગપતિઓ પોતાના વ્યવસાયનું રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

P2P ઓનલાઈન નેટવર્ક આપના ઉત્પાદનો અને સેવાઓને પ્રમોટ કરવાનું શ્રેષ્ઠ પ્લેટફોર્મ પૂરું પાડશે. આ ઉપરાંત P2P ઓનલાઈન નેટવર્ક દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળો કાચો માલ મેળવી શકશો તેમજ અન્ય જરૂરીયાતો માટેના સપ્લાયર્સ સાથે આપ સીધો સંપર્ક કરી શકશો.

## જીપીબીઓ વિશે

સરદારધામ દ્વારા પ્રસ્થાપિત મિશન ૨૦૨૬ અંતર્ગત પ્રથમ હરોળના ૧૦,૦૦૦થી વધુ ઉદ્યોગપતિઓને સંગઠિત કરવા માટે ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશનની (GPBO) રચના કરવામાં આવી છે.

જીપીબીઓના નેટવર્કને જિલ્લા, રાજ્ય અને વિવિધ દેશોમાં વિસ્તારવાનું આયોજન કરવામાં આવ્યું છે. જીપીબીઓ દ્વારા ઉદ્યોગ જગત માટે ઉપયોગી એવા

- મોટીવેશનલ પ્રોગ્રામ
- ટ્રેઈનિંગ પ્રોગ્રામ
- સેક્ટર આધારિત B2B મીટિંગ્સ
- નવીન ટેકનોલોજી અને આધુનિક ધંધાકીય અભિગમ માટેના આયોજનો કરવામાં આવે છે.

## મુખ્ય ઉદ્દેશ

- ☑ એકબીજા સાથે નેટવર્કિંગ દ્વારા વ્યાપાર ઉદ્યોગમાં પરસ્પર ઉપયોગી થવું
- ☑ સમાજમાં નવા ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવામાં ઉપયોગી થવું
- ☑ શિક્ષિત અને સક્ષમ યુવાઓને રોજગારીની તકો પુરી પાડવામાં ઉપયોગી થવું

## કોણ જોડાઈ શકે?

- ☑ નાના-મોટા બિઝનેસમેન
- ☑ પ્રોફેશનલ્સ
- ☑ સર્વિસ પ્રોવાઈડર્સ

## કેવી રીતે ઉપયોગી છે?

- ☑ પ્રોડક્ટ, સર્વિસ વિશેની માહિતી
- ☑ ઈ-મેઈલ અથવા ફોનથી સંપર્ક
- ☑ ધંધાકીય જોડાણ

## કઈ વિગતો અપલોડ કરી શકાય?

- ☑ કંપનીનું નામ તથા લોગો
- ☑ માલિકનું નામ તથા ફોટો
- ☑ સંપર્કની વિગતો
- ☑ કંપનીનું પ્રોડક્ટ લીસ્ટ તથા ફોટો
- ☑ કંપનીની પ્રોડક્ટ વિશે માહિતી
- ☑ કંપનીને જરૂરી રો-મટીરીયલ, સેવાઓ તથા જોબવર્કની વિગતો
- ☑ કંપનીને જરૂરી સ્ટાફની વિગતો



**૧૦ લાખ**
**બિઝનેસમેનનું જોડાણ**



સમસ્ત પાટીદારની એકતાનું ધામ
**સરદારધામ**
વિશ્વ પાટીદાર સમાજ
આયોજીત

**મિશન ૨૦૨૬ અંતર્ગત**
**ગ્લોબલ પાટીદાર**
**બિઝનેસ ઓર્ગેનાઈઝેશન**
**GPBO**

www.gpbo.org GPBO



**શૈલેષભાઈ સગપરિયા**
ડેપ્યુટી ડાયરેક્ટર, સ્પીપા,
રાજકોટ

# પાટીદાર સમાજના સર્વાંગી વિકાસનો આધારસ્તંભ

# સરદારધામ

**યુવાન એટલે મહત્વાકાંક્ષાનો મિનારો,**
**યુવાન એટલે ઉમંગનો ધોધ,**
**યુવાન એટલે ઉત્સાહનો ફુવારો,**

યુવાનના તનમાં તાકાત અને મનમાં મહેચ્છાનો સમંદર ઘૂઘવતો હોય છે.

જગતનો ઈતિહાસ તપાસીએ તો જણાશે કે દુનિયાની મોટાભાગની ક્રાંતિઓના પાયામાં યુવાનો જ રહેલા છે. યૌવન ગાંડી થયેલી નદી જેવું છે. જે ઘણું બધું ખેદાન-મેદાન કરી નાંખે છે પરંતુ જો આ યૌવન રૂપી નદી પર યોગ્ય બંધ બાંધવામાં આવે તો તેની ક્ષમતાઓના ઉપયોગ દ્વારા વિકાસની અદ્દભૂત અને અનોખી રંગોળીઓ રચાય છે. યુવા શક્તિનો યોગ્ય ઉપયોગ ન થાય તો તેની ક્ષમતાઓ વિઘાતક રૂપ ધારણ કરે છે અને સમાજ તથા રાષ્ટ્રને નુકસાન પહોંચાડે છે પરંતુ જો યુવા શક્તિનો યોગ્ય ઉપયોગ થાય તો તેની ક્ષમતાઓ દ્વારા અનેક રચનાત્મક કામ પણ થાય છે. આથી જ જે સમાજ કે સંસ્થા યુવાનોની શક્તિને જાણી-પિછાણી શકી છે અને તેનો યોગ્ય ઉપયોગ કરી શકી છે એ સમાજ કે સંસ્થાએ યુવાનોના વિકાસના માધ્યમથી પોતાના સમાજ સાથે રાષ્ટ્રના વિકાસમાં અનોખું યોગદાન આપ્યું છે.

સરદારધામ આવી જ એક સંસ્થા છે જે પાટીદાર સમાજની યુવાશક્તિમાં રોકાણ કરીને સમાજને અને રાષ્ટ્રને એવું વળતર આપવા માંગે છે જેનાથી સમૃદ્ધ સમાજ સાથે સક્ષમ રાષ્ટ્રનું નિર્માણ થાય. સરદારધામ સમાજ વિકાસથી રાષ્ટ્ર વિકાસના ધ્યેય સાથે કામ કરતી સંસ્થા છે. સરદારધામ, સમાજના વડીલોના વ્હાલ અને માર્ગદર્શન સાથે પોતાના ધ્યેયને પરિપૂર્ણ કરવા મક્કમ ગતિથી આગળ વધી રહ્યું છે. વડીલોના પીઠબળ સાથે પાટીદાર સમાજના યુવાનો અને યુવતીઓને સરદારધામ યોગ્ય પ્લેટફોર્મ આપે છે જેથી તેમની ક્ષમતાઓ પૂર્ણપણે ખીલે અને તેનો લાભ સમાજ તથા રાષ્ટ્રને મળે.

૫૬૨ દેશી રજવાડાઓને એક કરીને અખંડ ભારતનું સર્જન કરનારા ભારત ભાગ્ય વિધાતા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના વિચારોને વરેલી આ સંસ્થા પાટીદાર સમાજના સર્વાંગી વિકાસ માટે અને ઉજ્જવળ ભવિષ્ય માટે જુદા જુદા પાંચ લક્ષ્યબિંદુઓ સાથે કામ કરી રહી છે. સરદારધામની સૌથી મોટી ખાસિયત એ છે કે આ સંસ્થા કોઈની લીટી ભૂંસીને પોતાની લીટી મોટી કરવામાં માનતી નથી. નકારાત્મક બાબતોથી હંમેશાં પોતાને દૂર રાખતી આ સંસ્થા પાટીદાર સમાજનો વિકાસ જરૂર ઝંખે છે પરંતુ અન્ય કોઈ સમાજને કે સંસ્થાને નુકસાન થાય એવું કોઈ કાર્ય ક્યારેય ન તો કરે છે કે ન તો વિચારે છે. ઉલટાનું આ સંસ્થામાંથી પ્રેરણા લઈને બીજા સમાજના આગેવાનો પણ એમના સમાજના વિકાસ માટે વિવિધ સંકલ્પો અને પ્રકલ્પો કરે છે.

ઘણા લોકો માટે સરદારધામ નવી સંસ્થા છે. ઘણાને મનમાં સવાલ થાય છે કે આ સંસ્થા શું છે ? આ સંસ્થા શું કામ કરે છે ? આ સંસ્થાના સેવાકીય કાર્યો સાથે જોડાવું હોય તો કેવી રીતે જોડાઈ શકાય ? આ બધા સવાલોના જવાબો મળી રહે તે માટે આ થોડી માહિતી આપવાનો નમ્ર પ્રયાસ છે.

સરદારધામ એ એક બિનસરકારી સંગઠન છે જે પાટીદાર સમાજના સર્વાંગી વિકાસ માટે કામ કરે છે. ભારતના વિકાસમાં જેનું મહત્વનું યોગદાન રહ્યું છે એવા પાટીદારોના જુદા જુદા પેટા સમાજો કે પેટા જ્ઞાતિઓને એક કરીને સમસ્ત પાટીદાર સમાજનાં સોનેરી ભવિષ્ય માટે કામ કરતી આ સંસ્થા છે. પાટીદાર સમાજનો એક વર્ગ ખૂબ સુખી અને સમૃદ્ધ છે તો બીજો એક મોટો વર્ગ હજુ પણ અનેક અભાવો

અને સંઘર્ષો સાથે જીવન જીવી રહ્યો છે. સમૃદ્ધ વર્ગ વધુ સમૃદ્ધ બને તેની સાથે ૨૧મી સદીમાં પણ અનેક સમસ્યાઓથી પીડિત બીજા વર્ગને ઊભા થઈને આગળ વધવા માટે યોગ્ય પ્લેટફોર્મ મળે તે માટે સરદારધામનું નિર્માણ થયું છે. મિશન ૨૦૨૬ અંતર્ગત આગામી ૬ વર્ષમાં જુદા જુદા પાંચ ક્ષેત્રોમાં પરિણામલક્ષી કામગીરી કરવા માટે આ સંસ્થાએ કમર કસી છે. આ પાંચ ક્ષેત્રો નીચે પ્રમાણે છે.

**૧. સમાજ વિકાસના આધારસ્થંભ સમાન વિવિધ પ્રવૃતિઓથી ધમધમતા ભવનોનું નિર્માણ.**

સરદારધામે ભવ્ય ભવનોના નિર્માણ દ્વારા પાટીદાર સમાજના યુવાનોને અનેક તકો પૂરી પાડવાનો સંકલ્પ કર્યો છે. અમદાવાદમાં વૈષ્ણોદેવી સર્કલ પાસે લગભગ ૨૦૦ કરોડના ખર્ચે એક ભવ્યાતિભવ્ય ભવનનું નિર્માણ કાર્ય પૂરું

સરદારધામ અમદાવાદ



કર્યું છે અને બહુ ટૂંક સમયમાં આ ભવનનું લોકાર્પણ થશે. ૧૧૬૭૦ ચો.મી. વિસ્તારમાં ૭,૬૯,૦૦૦ ચો.ફૂટનું બાંધકામ કરીને પાટીદારની પ્રતિભાને છાજે એવું અદ્‌ભૂત સમાજ ભવન બનાવ્યું છે જે દરેક પાટીદારે એકવાર અવશ્ય જોવું જોઈએ. કોર્પોરેટ કંપનીઓના કોર્પોરેટ હાઉસને પણ ઝાંખુ પાડી દે એવી અનેક સુવિધાઓથી સભર આ ભવનમાં ૨૦૦૦ જેટલા દીકરા દીકરીઓ રહી શકે અને પોતાને પસંદ હોય એવા ક્ષેત્રમાં કારકિર્દી બનાવી શકે એવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ ભવનમાં જુદા જુદા તાલીમ કેન્દ્રો અને માર્ગદર્શન કેન્દ્રો કાર્યરત હશે જે યોગ્ય તાલીમ દ્વારા યુવાપાંખને મજબૂત કરશે અને જુદા જુદા ક્ષેત્રના વિષય નિપૂણ વિદ્વાનો સમસ્યાઓના ઉકેલમાં માર્ગદર્શન આપશે. મધ્ય ગુજરાત ઝોનમાં વડોદરા ખાતે પણ ૧૦૦ કરોડના ખર્ચે૧૦૦૦ દીકરા-દીકરીઓ રહી શકે એવા ભવ્ય ભવનના નિર્માણનું કામ શરૂ થઈ ચૂક્યું છે અને ટૂંક સમયમાં

સરદારધામ મધ્ય ગુજરાત (વડોદરા)



ભાવનગર ખાતે પણ ૧૦૦ કરોડના ખર્ચે ૧૦૦૦ દીકરા દીકરી રહી શકે તેવા ભવનનું નિર્માણ હાથ ધરવામાં આવશે.

જ્યાં પાટીદાર સમાજ વસેલો છે ત્યાં દરેક જગ્યાએ તમને પાટીદાર સમાજની વાડીઓ જોવા મળશે. ઘણી વખત તો એક જ ગામમાં એક કરતા વધુ વાડીઓ હોય છે. આ વાડીઓનો ઉપયોગ મોટા ભાગે લગ્નપ્રસંગો કે બીજા સામાજિક પ્રસંગોની ઉજવણી માટે જ થતો હોય છે. પારિવારિક પ્રસંગોની ઉજવણી માટે સમાજ ભવનોની જરૂર છે જ પણ એની સાથે સાથે આ ભવનોનો ઉપયોગ યુવાનો અને યુવતીઓની ક્ષમતાઓ વિકસાવવા માટે પણ થાય તો પાટીદાર સમાજનું યુવાધન પગભર બનીને રાષ્ટ્ર વિકાસમાં મહત્વનું યોગદાન આપી શકે. આ માટે સમાજની વાડીઓના આગેવાનો સાથે બેઠકો કરીને સરદારધામ ગામડે ગામડે અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમાજના યુવાનોને યોગ્ય રાહ ચીંધશે અને એમની કારકિર્દી ઘડવામાં મદદરૂપ થશે.

**૨. ગ્લોબલ પાટીદાર બિઝનેશ ઓર્ગેનાઈઝેશન (GPBO) દ્વારા યુવા પાટીદાર ઉદ્યોગસાહસિકોને યોગ્ય પ્લેટફોર્મ**

પાટીદાર સમાજ મુખ્યત્વે ખેતી પર આધારિત સમાજ હતો. જેમ જેમ સમય પસાર થાય તેમ તેમ ભાઈયુ ભાગ



પડવાથી પેઢી દર પેઢી જમીનના વધુને વધુ ટુકડા થવા લાગ્યા. પિતાના ભાગમાં કદાચ ૧૦ એકર જમીન આવી હોય તો એની ત્રીજી પેઢીના વારસદારના ભાગે કદાચ ૧ એકર પણ ન આવે એવું બને જેના પરિણામે પાટીદાર સમાજે ખેતી સિવાયના ક્ષેત્રોમાંથી રોજગારી પ્રાપ્ત કરવાની જરૂરિયાત ઊભી થઈ. તન તોડ મહેનત કરવાની વૃતિ તો પાટીદારના લોહીમાં જ છે આથી જે યુવાનોને વેપાર-ધંધામાં રસ છે તેને જો યોગ્ય તક મળે  અને ટેકો મળે તો ધંધા-વ્યવસાયના ક્ષેત્રે પણ ખુબ સારી પ્રગતી કરી શકે તેમ છે.

સરદારધામ આવા નવા ઉદ્યોગ સાહસિકોને ઁનાં માધ્યમથી પીઠબળ પૂરું પાડવાનું કામ કરે છે. જુદા જુદા શહેરોમાં GPBOનાં ચેપ્ટર ખુલવાના શરુ થઇ ગયા છે. અત્યારે અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, મહેસાણા, વિસનગર વગેરે જેવા શહેરોમાં ઉપરાંત મુંબઈમાં પણ ઁ કાર્યરત છે. સૌરાષ્ટ્ર સહિતના સમગ્ર ગુજરાતના અન્ય શહેરોમાં પણ નવા ચેપ્ટર ખુલશે અને અનેક યુવા પાટીદાર ઉધોગ સાહસિકોને પોતાના ધંધા-વ્યવસાયના વિકાસ માટે માહિતી અને માર્ગદર્શન મળશે. ઁમાં દર અઠવાડિએ વેપાર-ધંધા સાથે સંકળાયેલા યુવામિત્રો ભેગા થઈને ચર્ચા કરે છે અને એકબીજાને રેફરન્સ પાસ કરીને મદદ કરે છે. અહીયા વિવિધ એક્સપર્ટ દ્વારા સભ્યોનાં  વ્યાવસાયિક અને વ્યક્તિગત જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવવાનાં સફળ પ્રયાસો થાય છે. જીપીબીઓ સાથે જોડાયેલા ઉધોગસાહસિકોની સંખ્યા ને ચેપ્ટર દિવસે દિવસે વધી રહ્યા છે.

**૩. ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ (GPBS) દ્વારા દુનિયાભરના પાટીદાર બિઝનેશમેનને ભેગા કરવા**

ગુજરાત સરકાર દર ૨ વર્ષે વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરીને જગતભરના ઉધોગપતિઓને ભેગા કરે છે તેવી જ રીતે દુનિયાના જુદા જુદા દેશમાં કાર્યરત પાટીદાર



બિઝનેસમેનો એક સાથે ભેગા થાય અને વિચારોની આપ લે કરે તથા પોતાના અનુભવો શેર કરી અન્યને પ્રેરિત કરે તે માટે દર ૨ વર્ષે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનું આયોજન કરવામાં આવે છે. આ સમિટ ખરેખર એના નામને સાર્થક કરે એવી અદ્દભૂત હોય છે. જુદા જુદા પાટીદાર બિઝનેસમેન પોતાની પ્રોડક્ટનું પ્રેઝન્ટેશન કરી



શકે તે માટે વ્યાવસાયિક ધોરણે તેમને સ્ટોલ આપવામાં આવે છે. મહિલાઓને ૫૦% ડીસ્કાઉન્ટ અને વિશેષ સવલતો સાથેના સ્ટોલ ઉપલબ્ધ કરાવવામાં આવે છે જેથી મહિલાઓને ઔદ્યોગિક ક્ષેત્રે આગળ વધવાની તક મળે. આ બિઝનેસ સમિટમાં ૧૦% જેટલા સ્ટોલ્સ અન્ય સમાજના લોકોને પણ ફાળવીને સરદારધામ એની દરિયા જેવી વિશાળતાનો સૌને પરિચય કરાવે છે.

૨૦૧૮ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે પ્રથમ વખત આ સમિટનું આયોજન થયું જેમાં મળેલા બહોળા પ્રતિસાદને ધ્યાનમાં રાખી ૨૦૨૦માં પ્રથમ સમિટ કરતા પણ ૬ ગણી મોટી સમિટનું આયોજન ગાંધીનગરના હેલિપેડ મેદાન ખાતે કરેલું હતું. લાખો મુલાકાતીઓની મુલાકાતથી સ્ટોલધારકોને ખૂબ સારો બિઝનેસ મળે છે અને સમિટ દરમ્યાન આયોજિત જુદા જુદા સેમિનારોમાં દેશના નામાંકિત વક્તાઓ અને સફળ ઉદ્યોગપતિઓના વક્તવ્યનો લાભ પણ મળે છે. ૨૦૨૨ની સમિટ સુરત ખાતે અને ૨૦૨૪ની સમિટ રાજકોટ ખાતે અને ૨૦૨૬ની સમિટ અમેરિકા ખાતે આયોજિત થશે.

**૪. GPSC / UPSC સિવિલ સર્વિસ તાલીમ કેન્દ્ર દ્વારા પાટીદાર યુવાનોને સરકારી નોકરી માટે તૈયાર કરવા**

સરકારના જુદા જુદા વિભાગોમાં પાટીદાર સમાજનું પ્રતિનિધિત્વ ઘણું જ ઓછું છે. વસ્તીના પ્રમાણમાં દરેક

ક્ષેત્રમાં યોગ્ય પ્રતિનિધિત્વ હોવું બહુ જરૂરી છે આથી સરકારી સેવામાં જોડાવામાં જેમને રસ હોય એવા પાટીદાર યુવાનો અને યુવતીઓને તાલીમ આપીને પરીક્ષાની તૈયારી કરાવવા માટે સરદારધામ દ્વારા સિવિલ સર્વિસ તાલીમ કેન્દ્રની શરૂઆત પણ કરવામાં આવી છે. અમદાવાદમાં જ નિકોલ ખાતે કેળવણીધામમાં ૧૨૦૦થી વધુ દીકરા



દીકરીઓને સરકારી પરીક્ષાઓ માટે નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ તૈયારી કરાવવામાં આવી રહી છે. સમાજના નિવૃત અને કાર્યરત ઉચ્ચ અધિકારીઓનાં માર્ગદર્શન હેઠળ સરકારી પરીક્ષાઓ માટેની ઉત્તમ તૈયારી કરાવવામાં આવે છે. છેલ્લા ૩ વર્ષમાં ૫૧૦થી વધુ દીકરા-દીકરીઓ સરકારના જુદા જુદા વિભાગોમાં ને જુદી જુદી પોસ્ટ ઉપર જોડાઈ ચુક્યા છે જે સરદારધામની ફલશ્રુતિ છે.

આ તાલીમ કેન્દ્રમાં પ્રવેશ પરીક્ષા લઈને વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. જે વિદ્યાર્થીઓનાં પરિવારની આવક વાર્ષિક રૂપિયા ૨ લાખથી વધુ હોય એમના માટે માત્ર ૨૦૦૦૦ રૂપિયાની વાર્ષિક ફી માં રહેવા-જમવા અને ભણવાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે. જે પરિવારની વાર્ષિક આવક ૨ લાખથી ઓછી હોય એવા પરિવારના તેજસ્વી બાળકોને માત્ર ૧૦૦૦૦ની વાર્ષિક ફીમાં રહેવા જમવા સહિતની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. પાટીદાર સમાજનો કોઈ દીકરો કે દીકરી આ લાભથી વંચિત ન રહી જાય તે માટે જે તેજસ્વી વિદ્યાર્થીઓ ફી ભરી શકે તેમ ન હોય તેવા વિદ્યાર્થીઓ માટે માત્ર ૧ રૂપિયાના ટોકન દરથી જ બધી સુવિધાઓ આપવામાં આવે છે. પાટીદાર સમાજની દીકરીઓને યોગ્ય તક મળે અને સરકારી સેવામાં જોડાય એટલે કોઈ દીકરીઓ પાસેથી કોઈ પ્રકારની ફી લીધા વગર એમણે રહેવા-જમવા અને તાલીમની સુવિધા આપવામાં આવે છે. દિલેર દાતાઓના દાનથી આ પ્રવૃત્તિ ખુબ સરસ રીતે ચાલી રહી છે.

### ૫. યુવા તેજ-તેજસ્વિની સંગઠન દ્વારા

સમાજ માટે અને રાષ્ટ્ર માટે જરૂર પડે ત્યારે પોતાનું સર્વસ્વ સમર્પિત કરી શકે એવું યુવા સંગઠન તૈયાર કરવાની પણ સરદારધામની નેમ છે. ગામડે ગામડેથી ભાઈઓ-બહેનો આ સંસ્થા સાથે જોડાય અને પોતાની ક્ષમતા તથા શક્તિનો સમાજના વિકાસ માટે ઉપયોગ કરે તે માટે ૧૦૦૦૦૦થી વધુ યુવા-યુવતીઓનું સ્વયં સેવક દળ તૈયાર થઇ ગયું છે. આ સ્વયંસેવકોની મદદથી સરદારધામની સમાજ કલ્યાણની પ્રવૃત્તિઓ સમાજના છેલ્લામાં છેલ્લા માણસ સુધી પહોંચે જેના લાભ દ્વારા એ વિકાસયાત્રામાં જોડાઈ શકશે. સરદારધામનું સંગઠન માળખું ધીમે ધીમે મજબૂત થઇ રહ્યું છે અને વિસ્તરી રહ્યું છે. જેમ જેમ લોકો સરદારધામની સમાજ ઉપયોગી પ્રવૃત્તિથી વાકેફ થઇ રહ્યા છે તેમ તેમ આ સંસ્થા સાથે જોડાઈ રહ્યા છે.



સરદારધામના પ્રમુખસેવક શ્રી ગગજીભાઈ સુતરિયાના માર્ગદર્શન હેઠળ સરદારધામની સમગ્ર ટીમ દિવસ રાત એક કરીને પાટીદાર સમાજના ઉજ્જ્વળ ભવિષ્ય માટે દોડી રહ્યા છે. સમાજના ભામાશાઓ પણ આ સેવાયજ્ઞમાં આર્થિક મદદની આહુતિ આપીને પોતાનું અમૂલ્ય યોગદાન આપી રહ્યા છે. આવો, આપણે પણ આપણી ક્ષમતા પ્રમાણે તન-મન-ધનથી સરદારધામ સાથે જોડાઈને સમાજના સર્વાંગી વિકાસ માટેની પ્રવૃત્તિના ભાગીદાર બનીએ.



વૃંદા મનજીત

જાણીતા લેખિકા

# મારું ઘર, સુંદર ઘર



જો તમે ગૃહિણી છો અને આખો દિવસ પતિ, સંતાનો દ્વારા ફેલાવેલા સામાનને સમેટવામાં સમય વીતાવો છો તો તમે રાત સુધીમાં તો થાકીને 'ટેં' થઈ જતા હશો, ખરું ને?

જો તમે કામકાજી મહિલા છો અને ઑફિસથી ઘેર પહોંચ્યા પછી ડ્રોઈંગ રૂમમાં કોઈના જૂતા ચંપલ આડાં અવળાં પડ્યાં હોય, નાના બાળકનાં રમકડાં હોય, કોઈનાં પાઠ્યપુસ્તકો, નોટબુકો, પેન્સિલનો છોલ, કોઈ નેપ્કિન, ટુવાલ કે પછી ચા, કૉફી પીધેલાં કપ-રકાબી, જ્યૂસના ગ્લાસ પડ્યાં હોય. બેડરૂમમાં તકિયા, ચાદરો ડૂચા જેવાં પડ્યાં હોય, રસોડામાં ક્યાંક શાકભાજીનો કચરો, અજીઠાં વાસણો, ક્યાંક દૂધ તો ક્યાંક સૂપ કે દાળ ઢોળાયાં હોય તો તમારી હાલત કેવી થશે?

ઑફિસથી આવતાં રસ્તામાં વિચારતાં વિચારતાં આવ્યાં હો કે આજે રાત્રે ઈડલી સંભાર અને ઢોંસા બનાવીશ પરંતુ ઘેર આવ્યાં પછી જુઓ કે સૌ પ્રથમ આખા ઘરને સમેટવું પડશે. એક એક રૂમમાં ફેલાયેલી વસ્તુઓ વ્યવસ્થિત ગોઠવવી પડશે અને ઢોળાયેલી વસ્તુઓને સાફ કરવી પડશે.

વળી તમને એવો વિચાર પણ આવશે કે આવતા અઠવાડિયે આખા ઘરની સફાઈ કરીશ એટલે અત્યારે ઉપર ઉપરથી કરી લઉં, પરંતુ શનિવાર અને રવિવાર સફાઈમાં નીકળી જશે, આરામ નહીં મળે અને પછી આવતા અઠવાડિયે પાછી આની આ જ સ્થિતિ થશે. તો કરવું શું? તો ચાલો આજે વાત કરીએ સવારથી સાંજ

સુધી ઘરમાં કેવી રીતે ઘરનું કામ પતાવવું અને ડ્રોઈંગ રૂમ, રસોડું, બાથરૂમ, બેડરૂમ વગેરે કેવી રીતે ઓર્ગેનાઈઝ્ડ રાખવું તે વિશે ચર્ચા કરીએ.

તમારું ઘર નાનું હોય કે મોટું, ઘરની સાફસફાઈ અને સુવ્યવસ્થિતતાની ટેવને તમારા રુટિનમાં સામેલ કરો તો ખરેખર મોટું મહેલ જેવું ઘર હશે તો પણ તે સાચવવામાં, સાફ રાખવામાં અને ચપટીમાં બધાં કામ પતાવવામાં તમને જરા પણ થાક નહીં લાગે.

**પલંગને સુવ્યવસ્થિત રાખો**

તમે તમારા પતિ, સંતાનોને શીખવો કે સવારે ઊઠીને તરત પલંગ પર પાથરેલી ચાદરને ખેંચીને કરચલી દૂર કરી દે. તે સાથે તેમના તકિયા વ્યવસ્થિત ગોઠવીને ઓઢેલી ચાદર, રજાઈ કે બ્લેંકેટની ગડી વાળીને વ્યવસ્થિત રાખી દો. આમ કરવાથી તમે કોઈપણ સમયે જોશો તો દરેક બેડરૂમ સાફ દેખાશે. જો રાત્રે વાંચતાં હો અને ચોપડીઓ આમતેમ પડી હોય તો તેને તેની જગ્યાએ મૂકી દો. જો રાત્રે પાણી કે દૂધ પીને જગ, ગ્લાસ અને કપ મૂક્યાં હોય તો તે રસોડામાં મૂકી દો. ત્યાર પછી જ ત્યાંથી ખસો. જોકે, સવારે ઊઠીને પ્રાર્થના કરવાનું અને ઊઠતાં સાથે જ એક ગ્લાસ પાણી પીવાનું ક્યારેય ન ભૂલતાં.

**રસોડાની સજાવટ**

રસોડું એક રીતે ઘરનું હૃદયસ્થાન કહી શકાય. જો રસોડું અસ્તવ્યસ્ત હશે તો ગૃહિણી ખૂબ થાકેલી લાગશે. કારણ કે તેને તેની મૂકેલી વસ્તુ મળશે નહીં. તેનો વધુ પડતો સમય સાફસફાઈમાં જ વીતશે. સૌ પ્રથમ તો





મોડ્યુલર રસોડામાં રાખેલાં વાસણોને યોગ્ય સ્થાન પર મૂકવા અત્યંત જરૂરી છે. જો તેમાં જ અથવા તેનાથી અલગ કરિયાણું, મસાલા, તેલ, ચા ખાંડ જેવી વસ્તુઓ રાખવાના સ્થાન બન્યા હોય તો તે પણ ચોક્કસ ડબામાં ભરી તેની ઉપર લેબલ લગાવી વ્યવસ્થિત ગોઠવવા જોઈએ જેથી જ્યારે જે જોઈએ તે મળી રહે. રોજની જરૂરિયાતની વસ્તુઓ એવી રીતે રાખવી કે તે શોધવી ન પડે અને તે હંમેશાં ભરેલાં રાખવાં જેમ કે મસાલાનો ડબો, ચા ખાંડના ડબા, તેલ-ઘીના કંટેનર, આડણી-વેલણ, પાણીના ગ્લાસ, ચાના કપ-રકાબી વગેરે. રસોડામાં બેસિન હોય તો તેની નીચેના સ્થાન પર ટાઈલ ક્લીનર, પોતાનાં કપડાં, બ્રશ, વાસણ સાજવાના સાબુ-બ્રશ વગેરે વ્યવસ્થિત ગોઠવવા. રસોડામાં ક્રોકરી ગોઠવવા માટે આજકાલ ખૂબ સુંદર ઓર્ગેનાઈઝર મળતાં હોય છે. આજકાલ ગૃહિણીઓ અનેક વ્યંજનો ઘરમાં જ બનાવતી હોય છે. ઉપરાંત નાના પ્રકારના મસાલા, નમકીન મગાવતી હોય છે. તે સ્ટોર કરવા માટે પણ બાસ્કેટ ઉપલબ્ધ હોય છે. વળી ફ્રીઝમાં પણ વસ્તુઓ તરત મળી રહે તે માટે અને અનેક વસ્તુઓ લાંબા સમય સુધી સ્ટોર કરવા માટે જુદા જુદા પ્રકારના ઓર્ગેનાઈઝર મળે છે જેનો ઉપયોગ કરી ગોઠવવી જોઈએ. વળી ફ્રીઝમાં રાખેલી વસ્તુઓની રોજ તપાસ કરવી જોઈએ, જો કોઈ વસ્તુ ખરાબ થઈ જશે એવું લાગે તો તેને તરત જ

વાપરીલેવી જોઈએ.

**ચોકડી કે વૉશરૂમ**

પહેલાં તો એક અલાયદી ચોકડી હતી જેમાં વાસણ સાજવાનું કે કપડાં ધોવાનું કામ થતું. હવે તો ફ્લેટમાં એટલી જગ્યા નથી હોતી તેથી રસોડામાં જ એક જગ્યા આપી દીધી હોય છે. જો ચોકડી હોય તો તમારા ઘર સાફ કરવા માટેના પોતાંનાં કપડાં કે સ્પંજ, ગ્લવ્ઝ, પોતું કરવાની ડોલ, સાવરણી, ટિશ્યૂ પેપર કે રોલ, ટાઈલ, કપડાં અને વાસણ સાફ કરવા માટેના લિક્વિડ, બ્રશ, વગેરેને એકાદ એવી બાસ્કેટમાં મૂકી દો, જે ભીનાં કપડાં કે સ્પંજ હોય તે સુકવવા માટે એક રૉડ લગાવી દો. આમ કરવાથી દરેક વસ્તુ તેના સ્થાને જ રહેશે અને ઘરમાં કામ કરવા આવનાર વ્યક્તિને તે વસ્તુ શોધવામાં તકલીફ ન પડે. ઉપરાંત તેને પણ એવું શીખવી દો કે તે બધું વાપર્યા પછી લૂછીને તેના સ્થાને જ મૂકી દે જેથી ફરીવાર તે ત્યાંથી જ મળે.

**ધોવાનાં કપડાં**

જો ઘરમાં કામકાજી મહિલા હોય, પતિને પણ ઑફિસે જવાનું હોય, બાળકોને સ્કૂલ કૉલેજ જવાનું હોય ત્યારે મોટા ભાગે સવારનો સમય ઘરમાં ખૂબ દોડાદોડી અને બૂમાબૂમથી ભરેલો હોય છે. આગલા દિવસે બધાંના કપડાં, ટુવાલ વગેરે યોગ્ય સ્થાને હશે તો કોઈને શોધવામાં તકલીફ નહીં પડે ઉપરાંત આવા સમયે નહાવા જતાં પહેલાં જો તમારા ધોવાના કપડાં હોય તેને તેની બાસ્કેટમાં નાખી દો તો ત્યાં બહુ ફેલાવો નહીં થાય. ઢાંકણાવાળી લૉન્ડ્રીબેગ હશે તો 'મેસ' નહીં થાય. નાહીને આવ્યા પછી અગાઉથી નક્કી કરેલાં કપડાં પહેરીને તૈયાર થઈ જાઓ જેથી તે સમયે દોડાદોડી ન થાય. રાતથી જ તેની તૈયારી કરી હોય તો કોઈનું બટન તૂટી ગયું હોય કે કોઈ જગ્યાએ નાનકડી સિલાઈ કરવાની હોય તો તે પહેલેથી જ ખબર પડી જાય.

**દરેક વસ્તુનું સ્થાન નિર્ધારિત હોય છે**

ઘરનાં દરેક રૂમમાં પ્રત્યેક વસ્તુ માટેનું એક સ્થાન નિર્ધારિત કર્યું હોય છે. જે વસ્તુ જયાંથી ઉપાડો ત્યાં જ





પાછી મૂકી દેવાની ટેવ રાખો. વળી ડબા કે બોટલમાં અથવા મસાલાના ડબામાં જો કંઈ ખલાસ થવા આવ્યું હોય તો તે તરત જ ભરી દો નહીં તો ઉતાવળમાં હશો ત્યારે તે ભરવાનો સમય નહીં હોય અને નકામી ઢોળાઢોળ થશે.

**રોજની સફાઈ**

ઘરની દરેક વ્યક્તિએ એક વસ્તુની ટેવ રાખવી અત્યંત જરૂરી છે. આજકાલ તો દરેકના રૂમ જુદાં હોય છે. તેમના રીડિંગ ટેબલ, ડ્રેસિંગ ટેબલ, વોર્ડરોબ અને રૂમમાં અનેક પ્રકારની સજાવટની વસ્તુઓ હોય છે. દરેક પર ક્યાંક ને ક્યાંક ધૂળ ઊડીને જામી જાય છે. જો રોજેરોજ તેની સફાઈ કરવામાં આવે તો ઘર ચોખ્ખું તો લાગશે જ ઉપરાંત દર રવિવારે સ્પેશિયલ સફાઈ અભિયાન શરૂ નહીં કરવું પડે.

**ડાઈનિંગ ટેબલ**

ડાઈનિંગ ટેબલ એક એવું સ્થાન હોય છે જ્યાં રાત્રિના એક સમયે પરિવારના બધા સભ્યો એક સાથે બેસીને ભોજન કરે છે. ડાઈનિંગ ટેબલ સજાવવાની અનેક રીતો આજકાલ ચલણમાં છે. ટેબલ પર એક સેન્ટર સ્પ્રેડ રાખ્યું હોય છે જેની ઉપર દરેક પ્રકારની કટલરી સ્ટેન્ડ, નેપ્કિનો, અથાણાં અને ચટણી, નમકીન વગેરે સજાવવામાં આવે છે. જમવા બેસતી વખતે ટેબલ મેટ એકદમ તરત મળી જાય એવાં સ્થાને જ રાખો. જમી લીધાં પછી તરત જ બધાં વાસણો વૉશરૂમમાં ધોઈને મૂકી દેવાં જોઈએ અને ટેબલ સાફ કરી દેવું જોઈએ જેથી સવારે ચા પીતી વખતે ટેબલ સાફ કરવાની ઝંઝટ ન રહે. આ પ્રકારની સફાઈ માટે ઘરનાં સભ્યોના વારા નક્કી કરી દેવાં જોઈએ જેથી એકને માથે ભાર ન આવે અને કોઈ કામ કરવાથી છટકી ન જાય.

**શૂ-રેક**

આજકાલ ફેશન બદલાતાં વાર નથી લાગતી. જેવાં કપડાં એવાં જ કે તેને મેચિંગના જૂતા ચંપલ પણ જોઈતાં હોય છે. ઘરની એક વ્યક્તિના ત્રણચાર જોડી હોય તો પાંચ કે છ વ્યક્તિના કેટલાં થઈ જાય! એક શૂ-રેક બનાવ્યું હોય તેમાં જ પગરખાં રાખવાની ટેવ પાડવી જોઈએ. શૂ-રેક દર અઠવાડિએ એક વાર સાફ કરવું જોઈએ. જૂના થઈ ગયેલાં કે ફાટી ગયેલાં પગરખાં તરત જ ફેંકી દેવાં જોઈએ. પૉલિશની જરૂરિયાતવાળા પગરખાંને નિયમિત પૉલિશ કરતાં રહેવું જોઈએ જેથી તેમની આવરદા વધી જાય.

**વૉર્ડરોબ**

આજકાલ વૉર્ડરોબમાં કપડાં, પર્સ, વગેરે રાખવા



કે, કપડાંની એક ખાસ પ્રકારની ગડી કરીને તેને બાસ્કેટમાં એવી રીતે ગોઠવવામાં આવે છે જેથી એક કપડું બહાર કાઢવું હોય તો તેની અડોઅડ રાખેલાં બીજાં કપડાં ડિસ્ટર્બ ન થાય. વળી મહિલાનું કબાટ હોય તો તેની મેચિંગની વિવિધ પ્રકારની પર્સ હોય તેને ઓછી જગ્યામાં સમાવવા માટેના હેંગર કે એક પ્રકારના મેગેઝિન સ્ટેન્ડ જેવાં સ્ટેન્ડ બજારમાં મળે છે.

**પર્સનું ઓર્ગેનાઈઝેશન**

મહિલાનું પર્સ પણ એક રૂમ બરાબર હોય છે. તેમાં એટલી બધી વસ્તુઓ હોય છે કે કોઈ વાર કોઈ ખાસ વસ્તુ જોઈતી હોય તો તે શોધતાં ખૂબ વાર લાગે છે. આવા સમયે પર્સ કેવી રીતે ઓર્ગેનાઈઝ કરવી તે પણ જાણવું અત્યંત જરૂરી છે. આજકાલ પર્સ ઓર્ગેનાઈઝર પર્સ મળે છે એટલે કે પર્સની અંદર એક એવું પર્સ મૂકવામાં આવે જેમાં છ કે સાત ખાનાં હોય જેથી તમે પહેલેથી જ નક્કી કરી લો કે કયા ખાનામાં શું મૂકવું છે. આટલું માત્ર કરવાથી પર્સનું ઓર્ગેનાઈઝેશન ખૂબ સરસ રીતે થશે અને કોઈવાર વસ્તુ શોધવામાં કે પૈસા કાઢવામાં હડબડાહટ નહીં થાય. ઘણાને તો મોબાઈલ પણ પર્સમાં શોધવો પડતો હોય છે કારણ કે તેમને યાદ નથી હોતું કે તે કયા ખાનામાં મૂક્યો છે. જયારે ફોનની રીંગ વાગે ત્યારે બધાં ખાના ખોલીને શોધવું પડે છે કે તે અવાજ ક્યાંથી આવે છે.

**બાળકોને ટેવ પાડો**

છોકરો હોય કે છોકરી, બંનેને એક સરખી જવાબદારી સોંપો. કપડાંની ગડી કરવી, કબાટમાં ગોઠવવી, ક્યારેક શૂ-રેક સાફ કરાવવું, ક્યારેક ગાર્ડનમાં કામ કરાવવું, કપડાં સૂકવવામાં મદદ કરવી, વાસણ ગોઠવવામાં મદદ લેવી ઉપરાંત બાળકોને ઘર સજાવવા માટે એમના આઈડિયા શેર કરવા કહેવું. તેઓ ખુશી ખુશી આ પ્રકારના કામો કરશે.

**બાળકોનો રૂમ**

બાળકોના રૂમમાં તેમનાં બેડ એવી રીતે રાખો કે એટલી જગ્યા બાકી રહે જયાં તેમના સ્ટડી ટેબલ રાખી શકાય. ટેબલની નીચેના ખાનામાં તેઓ તેમનાં પુસ્તકો, નોટબુક્સ, કમ્પાસ બૉક્સ, બેગ વગેરે રાખી શકે એવી જગ્યા હોય. ઉપરાંત તેમના ટેબલની ઉપરની તરફ એવું એક નાનકડું કબાટ હોય જેમાં એક્સ્ટ્રા






વાચનનાં પુસ્તકો હોય. થોડા સ્થાન પર તેમના રમકડાં, બ્લોક્સ, ટેબલ ટેનિસ બેડમિન્ટન રમવા માટેના સાધનો, સંગીતના સાધનો જેવાં કે તબલાં, ગિટાર વગેરે મૂકવા માટે જગ્યા બનાવવી. તેમને તે સાથે એવી પણ ટેવ પાડવી કે તેમનું ટેબલ, પલંગ, રમકડાં અને અન્ય વસ્તુઓ સાફ અને વ્યવસ્થિત રીતે મૂકે.

**ઘરમાં હરિયાળી**

જો તમારા ઘરમાં તમને છોડ વાવવાનો શોખ હોય, જો તમારી પાસે એવી જગ્યા હોય, ગેલેરી કે ટેરેસ ગાર્ડન બનાવવાની સુવિધા હોય તો વિવિધ પ્રકારના છોડ વાવવા જોઈએ. તેમાં ખાસ કરીને એલોવેરા, મીઠો લીમડો, તુલસી, ફૂદીનો, પાલક, મની પ્લાન્ટ વગેરે મુખ્ય છે. જ્યારે કૂંડાં ખરીદો ત્યારે તમારા ઘરમાં તે તમારે ક્યાં મૂકવું છે તેનું સ્થાન પહેલેથી નક્કી કરીને જ લાવજો. જોકે, આજકાલ અનેક વસ્તુઓ ઘરમાં પણ બનાવી શકાય છે. કૂંડાં મૂકવા માટેના થોડાં ઊંચાં સ્ટેન્ડ પણ રાખવા જોઈએ જેથી તેની નીચેની સફાઈ સારી રીતે થઈ શકે. છોડવામાં નિયમિત પાણી-ખાતર નાખતાં રહેવું જોઈએ અને તેની યોગ્ય દેખભાળ કરવી જોઈએ.

**ઑફિસમાં પણ ઓર્ગેનાઈઝ્ડ રહો**

તમે બિઝનેસ પરસન હો કે નોકરિયાત, તમારી કોઈ એક જગ્યા હશે જ્યાં બેસીને તમે કામ કરતાં હશો. તમારી ઓફિસમાં કાર્યરત પટાવાળો તો તમારા ટેબલની સફાઈ કરશે પરંતુ તેની ઉપર તમારી નજર રહેવી જરૂરી છે. ક્યાંક ધૂળ રહી ગઈ હોય, કે પછી ટેબલ પર મૂકેલું કેલેન્ડર, પેન સ્ટેન્ડ, સ્લિપ બુક કે અન્ય વસ્તુઓ તેની જગ્યાએ વ્યવસ્થિત ગોઠવેલી હોય તે જોવું અત્યંત જરૂરી છે. જો આ બધું અવ્યવસ્થિત હોય અને તમે કોઈ વસ્તુ ઉપાડવા જાઓ ત્યારે પાસે રાખેલો પાણીનો ગ્લાસ ઊંધો થઈ જાય તો લેપટોપ, કાગળિયાં વગેરેને અત્યંત નુકસાન થઈ શકે છે. તે સાથે તમારા ડ્રોઅર્સ જેને તમે લૉક કરીને રાખતાં હો તો તે તમારે સમય કાઢીને જાતે સાફ કરી દેવાં જોઈએ.

**જૂની વસ્તુઓને સાચવવી**

બાળકોના જૂનાં રમકડાં હોય, નાનાં પડતાં કપડાં હોય, ચંપલ સેન્ડલ હોય, તમારો જૂનો ટી-સેટ, લેમન-સેટ કે ડીનર સેટ હોય જે તમે હવે વાપરવાના નથી, તો તેને જુદા જુદા બોક્સમાં વ્યવસ્થિત પેક કરીને તેની ઉપર તેની સૂચિ ચોંટાડીને સ્ટોર રૂમમાં ગોઠવી દેવું જોઈએ. જ્યારે કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિને એ વસ્તુ આપવાની આવે ત્યારે તે તરત જ મળી રહે અને ઓછી જગ્યામાં





સારી રીતે સાચવી શકાય.

બાથરૂમ ઓર્ગેનાઈઝ કરો

બાથરૂમમાં દરેક વસ્તુઓ વ્યવસ્થિત રાખવા માટે થોડી મહેનત કરવી પડતી હોય છે. જો તમારો બાથરૂમ આધુનિક રીતે બન્યો હોય એટલે કે શાવરનું સ્થાન જુદું હોય અને બાલ્ટીથી નહાવાનું સ્થાન અલગ હોય, વચ્ચે પડદા જેવી વસ્તુ હોય તો તેને જુદી રીતે સજાવવી પડે છે. સૌ પ્રથમ તો બેસિન પાસે એક એવું રેક મૂકી દો અથવા દીવાલમાં બનાવડાવો જેની ઉપર એક ટ્રે મૂકી તેમાં સાબુ, શેમ્પુની બોટલ, શેમ્પુના સેશે, કંડિશનર, નાનકડી કાતર, પુરુષો માટે શેવિંગનો અલગ સામાન કોઈ કાચ, પ્લાસ્ટિક કે સિરામિકના નળાકાર કંટેનરનો ઉપયોગ કરો. દરેકના બ્રશ અને પેસ્ટ રાખવા માટે જુદી વ્યવસ્થા કરો. બાથરૂમમાં જ એક એવું બંધ કબાટ રાખો જેમાં દરેકના ટુવાલ અને નેપ્કિન રાખવાની જગ્યા હોય. જો ઘરના પુરુષો નિયમિત શેવિંગ કરતાં હોય તો કબાટમાં એન્ટિસેપ્ટિક સોલ્યુશન અથવા કોઈ એસેન્શિયલ ઓઇલ રાખવું જરૂરી છે.

**ડસ્ટબીન**

ઘરમાં ખાતર બનાવવું એ પણ એક ભોજન તૈયાર કરવા જેવી જ કળા છે અને તે ખૂબ સરળ પણ છે. જો તમે એવા ફ્લેટમાં કે બંગલામાં રહેતાં હો જ્યાં એક નાનકડો ગાર્ડન બનાવ્યો હોય તો તમારે ઘરમાં બે જુદાં જુદાં ડસ્ટબીન્સ રાખવાં જોઈએ. એક બીનમાં સૂકો કચરો અને બીજામાં ભીનો કચરો એમ છૂટાં પાડીને રાખવાં જોઈએ. જ્યારે રસોડાનો કચરો અને વૃક્ષોના સૂકાં પાંદડાં ભેગાં થાય ત્યારે તે ડીકમ્પોસ્ટ થાય છે ત્યારે ખાતર બને છે. ખાતર બનાવવા માટે એરોબિક(ઑક્સિજન સાથે), અનએરોબિક (ઑક્સિજન વગર) અને વર્મીકમ્પોસ્ટ (બેક્ટેરિયાની જગ્યાએ અળસિયાના ઉપયોગથી) એમ ત્રણ પ્રકારો મુખ્ય છે.

રસોડાના કચરાને એક ડબામાં ભેગો કરતાં જાઓ. ફળ, શાકભાજીના છોંતરાં, ઈંડાના છોંડા, ચા પત્તી અને કૉફિ વગેરે એક ડોલ કે ડ્રમમાં ભેગું કરો. લગભગ અડધું ડ્રમ કે અડધી ડોલ ભરાય એટલે તેમાં થોડો લાકડાનો છોલ, સૂકાં પાંદડાં, નારિયેળના ઉપરના છોલ વગેરે નાખો. તેમાં સૂક્ષ્મ જીવ ઉત્પન્ન થાય તે માટે થોડું ગાયનું ગોબર નાખો અને સૂક્ષ્મજીવોની પ્રજાતિમાં વધારો કરવા થોડી છાશ ભેળવો.

તમારી ડોલ કે ડ્રમમાં નાનાં નાનાં કાણાં કરી દો જેથી તે ઢાંકેલું હોય તો પણ તેમાં ઑક્સિજન જઈ શકે અને આ કારણે તેમાંથી બદબૂ ન આવે. દર ચાર પાંચ દિવસે મિશ્રણને હલાવતાં રહો. લગભગ ૪૦-૪૫ દિવસોમાં ઘરમાં બનેલું ખાતર તૈયાર થઈ જશે.

બસ, થોડું ઓર્ગેનાઈઝેશન અપનાવો અને ઘરને સુવ્યવસ્થિત બનાવી દો. જો તમારું ઘર સુવ્યવસ્થિત હશે તો સુંદર તો લાગશે જ. આ માટે થોડી મહેનત અને પરિવારજનોના સાથની જરૂર પડે છે.





## સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

### વિશ્વ પાટીદાર સમાજ

## મિશન-૨૦૨૬ અંતર્ગત

# સમસ્ત પાટીદાર સમાજના ભાઈ-બહેનો માટે મહેસૂલી, કાનૂની, સમાજસુરક્ષાને સંલગ્ન પ્રશ્નોના ઉકેલ માટે સરદારધામની આગવી પહેલ (initiative)

સમસ્ત પાટીદાર સમાજના ખેડૂત મિત્રો, રીઅલ એસ્ટેટ સાથે સંકળાયેલ ડેવલપર્સ, વ્યાપારી/ઔદ્યોગિક મિત્રો તેમજ સમાજસુરક્ષાને લગતા પ્રશ્નો અંગે તમામ ભાઈ-બહેનોને જણાવવાનું કે મહેસૂલી, કાનૂની તેમજ સમાજસુરક્ષાને લગતા પ્રશ્નોના ઉકેલ અને જરૂરી માર્ગદર્શન અર્થે **નિઃશુલ્ક માર્ગદર્શન કેન્દ્ર** શરૂ કરેલ છે, જેમાં નિવૃત્ત આઈ.એ.એસ. અધિકારીઓ, મહેસૂલી વિભાગના અનુભવી નિવૃત્ત અધિકારીઓ, નિવૃત્ત આઈ.પી.એસ. અધિકારીઓ, પોલીસ વિભાગના નિવૃત્ત અધિકારીઓ, ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ તેમજ કાયદાના તજજ્ઞોની સેવાઓ દ્વારા પ્રશ્નોના નિરાકરણ માટે સેવા આપવાનો નિર્ધાર કરેલ છે.

